# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 04-08-2026 I VOL : 12 I Issue : 140 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક



**સુવિચાર**


હાર માત્ર ફરીથી શરૂ કરવાની તક છે. જે ડરે છે તે ક્યારેય જીતતો નથી.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  કોમનવેલ્થના વિજેતા એથ્લેટ્સ નવી પેઢીને પ્રેરણા આપશેઃ ખેલમંત્રી ડૉ.મનસુખ...

4  E20 ઇંધણ મુદ્દે કેન્દ્ર સરકાર અને નીતિન ગડકરી સામે વિપક્ષનો...

6  અદિતિ શર્માએ પતિ અને સાસરિયા વિરુદ્ધ નોંધાવી પોલીસ ફરિયાદ

7  ટીમ ઈન્ડિયાની મુશ્કેલી વધી, બુમરાહ બાદ હવે ઓપનર સાંઇ...


### બિહારના બાંકીપુર પેટાચૂંટણીમાં જનસુરાજ પાર્ટીના પ્રશાંત કિશોરનો વિજય

# ભાજપનો 30 વર્ષનો ગઢ 30 દિવસમાં ધ્વસ્ત!

# બાંકીપુર પેટા ચૂંટણીમાં પ્રશાંત કિશોરની જીત

## બિહાર-મધ્ય પ્રદેશમાં ભાજપની હાર: પાર્ટી અધ્યક્ષ નિતિન નબીનની બેઠક પર ઉલટફેર

બાંકીપુર

બિહાર, મધ્ય પ્રદેશ અને ગુજરાતની ત્રણ વિધાનસભા બેઠકો પર યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો આવી ગયા છે. એમપીના દતિયામાં કોંગ્રેસ અને ગુજરાતમાં ભાજપ જીતી ગયું છે. બિહારના બાંકીપુરમાં નિતિન નબીનની બેઠક પર પ્રશાંત કિશોર જીતી ગયા છે. જનસુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોર 19246 મતોથી જીત્યા છે. પ્રશાંતને 63946 મત મળ્યા, જ્યારે ભાજપના ઉમેદવાર નીરજ કુમારને 44700 મત મળ્યા છે. બાંકીપુર બેઠક ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનની પરંપરાગત બેઠક છે. તેઓ અહીંથી સતત 5 વખત ધારાસભ્ય રહ્યા છે. તેમના રાજ્યસભામાં ગયા પછી આ બેઠક પર પેટાચૂંટણી યોજવામાં આવી હતી. મતગણતરી દરમિયાન ચૂંટણી પંચની વેબસાઈટ પર કેટલીક ગડબડ જોવા મળી. સવારથી વેબસાઇટ પર 31 રાઉન્ડની મતગણતરી દર્શાવવામાં આવી રહી હતી. 31 રાઉન્ડ પૂરા થતાં જ પહેલા 32 અને પછી 36 રાઉન્ડ દર્શાવવામાં આવવા લાગ્યા. બાદમાં ફરીથી 32 રાઉન્ડની મતગણતરી દર્શાવવામાં આવી. બિહારના બાંકીપુર પેટાચૂંટણીમાં જનસુરાજ પાર્ટીના પ્રશાંત કિશોરનો વિજય થયો છે. ભાજપના 30 વર્ષ જૂના ગઢને 19,324 મતોની જંગી લીડથી તોડી પાડ્યો છે. પ્રશાંત કિશોરને કુલ 64,151 મત મળ્યા, જ્યારે ભાજપના નીરજ કુમારને 44,827 અને RJDના રેખા કુમારીને 14,273 મત મળ્યા. આ જીત બિહારમાં રાજકીય પરિવર્તનનો સંકેત આપે છે. જન સુરાજ પાર્ટીના સ્થાપક અને બાંકીપુરમાં પહેલા રાઉન્ડથી જ લીડ જાળવી રાખનારા ઉમેદવાર પ્રશાંત કિશોરે પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે.



### કોંગ્રેસ-સપા નેતાઓએ મેલોડી ટોફી ખવડાવી

મધ્ય પ્રદેશના દતિયા વિધાનસભા પેટાચૂંટણીમાં કોંગ્રેસે સતત બીજી વખત ભાજપને હરાવ્યું. કોંગ્રેસના ઉમેદવાર ઘનશ્યામ સિંહે ભાજપના આશુતોષ તિવારીને 6056 મતોથી હરાવ્યા. પૂર્વ ગૃહમંત્રી ડો. નરોત્તમ મિશ્રાના પોલિંગ બૂથ નંબર 121 પર પણ ભાજપ હારી ગયું. અહીં કોંગ્રેસને 291 અને ભાજપને 264 મત મળ્યા. ભાજપનો 30 વર્ષનો ગઢ 30 દિવસમાં ધ્વસ્ત થયો છે.

# રામમંદિરમાં દાન ચોરી મામલે સંસદમાં પ્રદર્શન

### લોકસભામાં સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા વધારતું બિલ પસાર, રાજ્યસભામાં MSME સંશોધન બિલ પસાર





નવી દિલ્હી

રામ મંદિરમાં દાન ચોરીના મુદ્દે લોકસભામાં વિપક્ષી સભ્યોના સતત હોબાળાને કારણે સદનની કાર્યવાહી મંગળવાર સુધી સ્થગિત કરવામાં આવી છે. આ પહેલા લોકસભાએ સુપ્રીમ કોર્ટના જજોની સંખ્યા (CJI સહિત) 34 થી વધારીને 38 કરવા સંબંધિત બિલ ચર્ચા વિના પસાર કરી દીધું. જ્યારે રાજ્યસભાએ MSME વિકાસ (સુધારા) બિલ પસાર કરી દીધું. આ પછી સંસદની કાર્યવાહી મંગળવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી. વિપક્ષી સાંસદોએ પ્રશ્નકાળ શરૂ થતાં જ નીટ પેપર લીકના વિરોધમાં પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અને રામ મંદિર દાન ચોરીના મુદ્દે હોબાળો શરૂ કરી દીધો. વિપક્ષે વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહીના મુદ્દે ગૃહમંત્રી અમિત શાહને ગૃહમાં આવવા અને તેમના નિવેદનની માંગ કરતા સૂત્રોચ્ચાર કર્યા હતા. સંસદ સત્ર માટે 8 બિલ લિસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી વંદે માતરમ અને પબ્લિક એક્ઝામિનેશન સુધારા બિલ (પેપર લીક) બંને ગૃહોમાં પસાર થઈ ચૂક્યા છે. જ્યારે, જન્મ-મૃત્યુ નોંધણી (સુધારા) બિલ, સુપ્રીમ કોર્ટ (જજની સંખ્યા) સુધારા બિલ, આવકવેરા (સુધારા) બિલ, MSME વિકાસ (સુધારા) બિલ, વિદેશી યોગદાન (FCRA) સુધારા બિલ અને વિકસિત ભારત શિક્ષણ અધિષ્ઠાન બિલને હજુ સંસદની મંજૂરી મળી નથી.

## એક નજર...

### મોનાલિસાનો સ્ટનિંગ લુક તમને દિવાના બનાવી દેશે



બિગ બોસમાં જોવા મળેલી એક્ટ્રેસ મોનાલિસાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પરથી કેટલીક તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં મોનાલિસા ડીપનેક ડ્રેસ પહેરેલી જોવા મળી હતી.ભોજપુરીથી લઈને ટીવી ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવનાર એક્ટ્રેસ મોનાલિસા પોતાની દરેક અદાથી લોકોને દિવાના બનાવે છે.

## NEWS TRACK

### ઈરાન પર હુમલા અટકાવવાના નિર્ણય બાદ મીડિયાએ ડોનાલ્ડ ટ્રમ્પની મજાક ઉડાવી

ઈરાન સામે સંભવિત સૈન્ય હુમલાઓ (Military Attacks) સ્થગિત કરવાની અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત બાદ ઈરાની મીડિયાએ તેમના પર તીખા પ્રહારો કર્યા છે અને તેમની મજાક ઉડાવી છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે મધ્ય પૂર્વીય દેશો અને ઈરાનની વિનંતી તેમજ સોદાની શરતો પર સહમતિ સાધ્યા બાદ તેમણે હુમલા રોકવાનો નિર્ણય લીધો છે. ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા સાઈટ 'ટ્રુથ' (Truth Social) પર પોસ્ટ કરતા લખ્યું હતું કે, પ્રાદેશિક દેશોની વિનંતી બાદ આ નિર્ણય લેવાયો છે. તેમણે દાવો કર્યો કે આ કરારમાં હોર્મુઝ સ્ટ્રેટને (Strait of Hormuz) તાત્કાલિક અને સંપૂર્ણ રીતે ખોલવાનો સમાવેશ થાય છે. ઈરાનની સરકારી મીડિયાએ ટ્રમ્પના એક પણ દાવાની પુષ્ટિ કરી નથી. અર્ધ-સરકારી સમાચાર એજન્સી 'ફાર્સ' એ આ ઘટનાને વોશિંગ્ટનની પીછેહઠ ગણાવતા લખ્યું કે, 'મૂર્ખ ટ્રમ્પનો દમ નીકળી ગયો છે.' ઈરાની એજન્સીઓએ જણાવ્યું કે ટ્રમ્પ પોતાની ખાલી ધમકીઓથી ફરી એકવાર પાછળ હટી ગયા છે અને પોતાની પાછળ હટવાની મજબૂરીને એહસાન તરીકે રજૂ કરી રહ્યા છે.

### ઈજિપ્તમાં સવારે ભૂકંપના આંચકા: રિક્ટર સ્કેલ પર 5.4ની તીવ્રતા નોંધાઈ, લોકોમાં દહેશત

ઈજિપ્તના (મિસ્ર) અનેક વિસ્તારોમાં સોમવારે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂમધ્ય સાગર વિસ્તારમાં આવેલા આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 5.4 નોંધાઈ હતી. જર્મનીના ભૂ-વિજ્ઞાન અનુસંધાન કેન્દ્ર (GFZ) ના જણાવ્યા અનુસાર, ભૂકંપનું કેન્દ્ર સમુદ્રની અંદર લગભગ 10 કિલોમીટરની ઊંડાઈએ સ્થિત હતું. ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. સુરક્ષા એજન્સીઓ અને રેડ ક્રેસન્ટ એલર્ટ ભૂકંપ આવ્યા બાદ ઈજિપ્ત રેડ ક્રેસન્ટે (Egyptian Red Crescent) તાત્કાલિક ધોરણે અસરગ્રસ્ત પ્રાંતોમાં પોતાની ઈમરજન્સી રિસ્પોન્સ યોજના સક્રિય કરી દીધી છે. સંસ્થાના જણાવ્યા મુજબ, પ્રાથમિક અહેવાલો અનુસાર અત્યાર સુધી કોઈ જાનહાનિ કે મોટા પાયે આર્થિક નુકસાનના સમાચાર નથી. જોકે, પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. રેડ ક્રેસન્ટે નાગરિકોને અપીલ કરી છે કે જે ઈમારતોમાં નુકસાન કે તિરાડોના સંકેત દેખાય તેનાથી દૂર રહેવું.

# દરિયાપુર PI અને વહિવટદારનો 'પાવર' ઉતારશે ગૃહમંત્રી?

## મનપસંદ જીમખાના માટે હજુ કોની રહેમનજર મજબૂત બની રહી છે?

વિશેષ અહેવાલ I પાક્કો ગુજરાત

અમદાવાદના દરિયાપુર સ્થિત મનપસંદ ક્લબ (જીમખાના) પર SMCએ મેગા ઓપરેશન હાથ ધરતા સ્થાનિક દરિયાપુર પોલીસની કામગીરી સામે અનેક સવાલ ઉભા થયા છે. હાલ તો દરિયાપુરના પીઆઈ અને વહિવટદાર સામે કેવા પગલાં લેવામાં આવી શકે છે તેની ચર્ચા જોરશોરથી પોલીસ બેડામાં ચાલી રહી છે. અગાઉ પણ વિસ્તારમાં જુગાર, દારૂ અને અસામાજિક તત્વોની લુખ્ખાગિરી મામલે દરિયાપુર પોલીસ વિવાદમાં આવેલી પણ પોતાને અલગ અંદાજમાં માનનારા કેટલાક મોટા માથાઓની રહેમનજર પોતાની ઉપર હોવાની શેખી મારનારા દરિયાપુર પોલીસ સ્ટેશનના પીઆઈ સામે ગૃહમંત્રી હર્ષ સંઘવી ખરેખર પગલાં લેશે તેમાં કોઈ શંકા નથી.

નોંધનીય છે કે આ હાઈ-પ્રોફાઈલ દરોડાને પગલે સ્થાનિક પોલીસની કામગીરી અને તેમની ભૂમિકા સામે પણ મોટા સવાલો ઊભા થયા છે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ આ જ ક્લબમાં દરોડા પડ્યા ત્યારે દરિયાપુરના તત્કાલીન PI અને PSI ને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ વખતે ફરી એકવાર સ્થાનિક પોલીસની હદમાં આટલો મોટો જુગારનો અડ્ડો ધમધમતો હોવાનું ખૂલતાં તપાસનો રેલો સ્થાનિક પોલીસ સુધી પણ પહોંચશે. આ મામલે રાજ્યના DGP દ્વારા બેદરકાર પોલીસ અધિકારીઓ સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ જોવા મળી રહી છે.

રવિવારે થયેલા દરોડામાં ત્રણેય માળ પરથી 150થી વધુ જુગારીઓ ઝડપાયા છે. લાખોની રોકડ, મોબાઈલ અને વાહનો સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. મુખ્ય સંચાલક ગોવિંદ ઉર્ફે ગામો પટેલ સહિત ડિંગુચા કેસના આરોપી બોબી પટેલની સંડોવણીની ચર્ચા છે. સ્થાનિક પોલીસની ભૂમિકા સામે પણ સવાલો ઉભા થયા છે.

### દરિયાપુરમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતા અસામાજિક તત્વો

દરિયાપુર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાડતા અસામાજિક તત્વો અને જુગારીઓ સામે જ્યારે રાજ્ય સ્તરની એજન્સીઓ સક્રિય બને, ત્યારે મોટા પર્દાફાશ થતા હોય છે. દરિયાપુર જેવા સંવેદનશીલ વિસ્તારમાં ખાનગી અડ્ડા પર પડેલા અચાનક દરોડાએ સ્થાનિક પોલીસની કામગીરી સામે મોટા સવાલો ઉભા કરી દીધા છે. જીમખાનાની આડમાં ચાલતા આ ગુપ્ત ખેલના કાળા કારનામા જ્યારે ઉઘાડા પડ્યા, ત્યારે રેકોર્ડબ્રેક આંકડો સામે આવ્યો અને તેની સાથે આ સમગ્ર નેટવર્કમાં સંકળાયેલા મોટા માથા પણ ઉંચા નીચા થઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. આ ગેરકાયદે કાળા કારોબારમાં મોટા ગજાના જુગારીઓ સંડોવાયેલા હોવાનું મનાઈ રહ્યું છે.

### અગાઉ દરોડા પાડેલા છતાં ફરી કેમ જુગારખાનુ ધમધમતુ બન્યું

શહેરમાં અગાઉ પણ દરિયાપુર વિસ્તારમાં ધમધમી રહેલા જુગારખાના સહિત દારૂના અડ્ડા અને અન્ય ગેરકાનૂની પ્રવૃત્તિઓ પર બહારની એજન્સીઓના દરોડા આ જ સ્થળે અનેક વખત પોલીસ દરોડા પડી ચૂક્યા છે અને જીમખાનાની આડમાં જુગાર રમાતો હોવાની વિગતો બહાર આવી ચૂકી છે, છતાં સ્થાનિક પોલીસની રહેમનજર હેઠળ આ પ્રવૃત્તિ ફરી કેવી રીતે ધમધમતી થઈ ગઈ?

- ગૃહમંત્રી હર્ષભાઇ સંઘવી અને ગૃહવિભાગના અધિકારીઓ સમગ્ર મામલે કોઇ ઢીલ મુકવા માગતા નથી, કડક પગલાં તો લેવાશે
- પોતાને સૌથી ઉપર માનનારા દરિયાપુર પોલીસ સ્ટેશનના પીઆઇ અને વહિવટદારના રાજમાં વિસ્તારમાં અનેક અસામાજિક પ્રવૃત્તિઓ ફુલીફાલી
- જુગારની સાથે દારૂ અને અન્ય તમામ પ્રકારની ગેરકાનુની અને અસામાજિક પ્રવૃત્તિઓને કારણે વિસ્તારમાં લોકો ત્રાહિમામ

SMC ની ટીમ મનપસંદ જીમખાના ખાતે પહોંચી ત્યારે ત્યાં જુગારનો મોટો અડ્ડો ધમધમી રહ્યો હતો. પોલીસના અચાનક થયેલા આ આક્રમક પ્રવેશથી ત્યાં હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી. આ રેડ દરમિયાન એકસાથે 100 થી વધુ જુગારીઓ પોલીસના સકંજામાં આવી ગયા હોવાની અત્યંત ચોંકાવનારી માહિતી સામે આવી છે. જીમખાનાની આડમાં ચાલતા પાડવામાં આવેલા છતાં આ ગેરકાનુની પ્રવૃત્તિઓ બંધ થઈ નથી. અગાઉ દરોડા પાડેલા છતાં ફરી કેમ જુગારખાનુ ધમધમતુ બન્યું તે પણ એક સવાલ છે.

આ દરોડા દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સ્થળ પરથી લાખો રૂપિયાની રોકડ રકમ તેમજ જુગારના સાધનો અને મોટી માત્રામાં શંકાસ્પદ મુદ્દામાલ જપ્ત કર્યો છે. સૌથી મોટો સવાલ એ ઉભો થઈ રહ્યો છે કે અગાઉ પણ

### આગામી સમયમાં થનારા ખુલાસા દરિયાપુર પીઆઈની મુશ્કેલી વધારશે

હાલ તો સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા પકડાયેલા તમામ જુગારીઓની પૂછપરછ હાથ ધરવામાં આવી છે અને આ જુગારધામના મુખ્ય સંચાલકો તથા આની સાથે સંકળાયેલા અન્ય ઈસમો સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની તજવીજ શરૂ કરવામાં આવી છે. સ્થાનિક સ્તરે પોલીસની ભૂમિકા શંકાના ઘેરામાં આવતા ઉચ્ચ સ્તરે પણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે, જેના કારણે આગામી સમયમાં મોટા ખુલાસા થવાની પૂરી સંભાવના છે. આગામી સમયમાં થનારા ખુલાસા દરિયાપુર પીઆઈની મુશ્કેલી વધારી શકે તેમ છે.

### દરિયાપુર પીઆઈ અને વહિવટદારની ભૂમિકા સામે તપાસ થશે કે કેમ

દરિયાપુર પીઆઈ અને વહિવટદારની ભૂમિકા સામે તપાસ થશે કે કેમ તે સવાલ સામે જવાબ એ મળી રહ્યો છે કે ગૃહમંત્રી હર્ષ સંઘવી તથા ગૃહ વિભાગના અધિકારીઓ આ સમગ્ર મામલે કોઈ ઢીલ મુકવા માગતા નથી અને દરિયાપુર પીઆઈ સામે અસરકારક પગલાં લેવાઈ શકે તેમ છે. આ હાઈ-પ્રોફાઈલ દરોડાને પગલે સ્થાનિક પોલીસની કામગીરી અને તેમની ભૂમિકા સામે પણ મોટા સવાલો ઊભા થયા છે. ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં પણ આ જ ક્લબમાં દરોડા પડ્યા ત્યારે દરિયાપુરના તત્કાલીન PI અને PSI ને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આ વખતે ફરી એકવાર સ્થાનિક પોલીસની હદમાં આટલો મોટો જુગારનો અડ્ડો ધમધમતો હોવાનું ખૂલતાં તપાસનો રેલો સ્થાનિક પોલીસ સુધી પણ પહોંચશે. આ મામલે રાજ્યના DGP દ્વારા બેદરકાર પોલીસ અધિકારીઓ સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતાઓ જોવા મળી રહી છે.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલના શિક્ષકોને પણ હવે મળશે મેડિકલ રિઈમ્બર્સમેન્ટનો લાભ : નાણાં વિભાગની મંજૂરી બાદ નિર્ણય લાગૂ

ગાંધીનગર

રાજ્યની અનુદાનિત (ગ્રાન્ટેડ) પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા શિક્ષકો માટે રાજ્ય સરકારે એક અત્યંત મહત્વનો અને રાહતરૂપ નિર્ણય લીધો છે. હવે સરકારી કર્મચારીઓ અને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકોની જેમ અનુદાનિત પ્રાથમિક શાળાના શિક્ષકોને પણ મેડિકલ રિઈમ્બર્સમેન્ટ (તબીબી સારવાર ખર્ચની ભરપાઈ) નો લાભ આપવામાં આવશે. શિક્ષણ વિભાગ દ્વારા આ અંગેનો સત્તાવાર આદેશ જારી કરીને તેનો તાત્કાલિક અસરથી અમલ કરવા સૂચના આપી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને સરકારી કર્મચારીઓના ધોરણે તબીબી સારવારના ખર્ચની ભરપાઈ આપવાનો નિર્ણય કરાયો હતો. પરંતુ પ્રાથમિક વિભાગના શિક્ષકો આ લાભથી વંચિત હતા. લાંબા સમયની રજૂઆતો બાદ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા મોકલવામાં આવેલી દરખાસ્તને શિક્ષણ વિભાગે મંજૂરી આપી દીધી છે. આ નિર્ણય માટે નાણાં વિભાગની પણ આખરી મંજૂરી મેળવી લેવામાં આવી છે.

## વડોદરાના સમા-સાવલી રોડ પર મોટી હોનારત ટળી: બંસલ મોલની લિફ્ટમાં 10 મહિલાઓ ફસાઈ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના પોશ વિસ્તાર ગણાતા સમા-સાવલી રોડ પર આવેલા જાણીતા બંસલ મોલ ખાતે ગત સાંજે ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. મોલમાં આવેલી 'રોયલ કિંગ રેસ્ટોરન્ટ'માં જમવા ગયેલી ૧૦ મહિલાઓ અચાનક લિફ્ટ બંધ પડી જતાં અંદર જ ફસાઈ ગઈ હતી. જોકે, ઘટનાની જાણ થતાં જ વડોદરા ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી તમામ મહિલાઓને આબાદ ઉગારી લેતાં મોટો અકસ્માત ટળ્યો હતો.

મળતી વિગતો અનુસાર, ૧૦ મહિલાઓનો એક ગ્રુપ સમા-સાવલી રોડ પર આવેલા બંસલ મોલના ઉપરના માળે આવેલી રોયલ કિંગ રેસ્ટોરન્ટમાં જમવા માટે આવ્યો હતો. જમીને પરત નીચે ઉતરી રહી હતી તે સમયે અચાનક ટેકનિકલ ખામી સર્જાતાં લિફ્ટ બે માળ વચ્ચે જ થંભી ગઈ હતી.

ચીસાચીસ અને ગભરાટ: લિફ્ટ અચાનક બંધ પડી જતાં અને દરવાજો ન ખુલતાં અંદર સવાર મહિલાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

શ્વાસ લેવામાં તકલીફ: બંધ લિફ્ટમાં અંદરનો પંખો અને લાઈટ પણ બંધ થઈ જતાં ૧૦ મહિલાઓને શ્વાસ લેવામાં તકલીફ પડવા લાગી હતી અને તેમણે મદદ માટે બૂમાબૂમ કરી મૂકી હતી. રેસ્ટોરન્ટ અને મોલ સ્ટાફમાં દોડધામ: મહિલાઓની બૂમો સાંભળીને મોલના સિક્યુરિટી સ્ટાફ અને રેસ્ટોરન્ટના કર્મચારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને પ્રાથમિક સ્તરે લિફ્ટ ખોલવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ સફળતા મળી નહોતી.

ફાયર બ્રિગેડનું ક્વિક રિસ્પોન્સ: કલાકોની મુશ્કેલી મિનિટોમાં ઉકેલી ઘટનાની ગંભીરતાને જોતાં તુરંત જ વડોદરા ફાયર કંટ્રોલ રૂમને જાણ કરવામાં આવી હતી.

## ખુમારવાડમાં શેઢી નદીનું રૌદ્ર સ્વરૂપ: પાળો તૂટતાં આખું ગામ જળમગ્ન, ચોતરફ ચીસાચીસ અને ભયનો માહોલ!

નડિયાદ-ખેડા

મુશળધાર વરસાદ અને ઉપરવાસમાંથી છોડવામાં આવેલા ભારે પાણીના જથ્થા વચ્ચે આણંદ-ખેડા પંથકમાં જળપ્રલય જેવી સ્થિતિ સર્જાઈ છે. ખુમારવાડ ગામમાં શેઢી નદીએ પોતાનું અત્યંત રૌદ્ર અને ઘાતક સ્વરૂપ ધારણ કરતાં આખું ગામ ચિંતા અને ભયના ઓછાયા હેઠળ આવી ગયું છે. નદીના ધસમસતા પ્રવાહ સામે ગામનું રક્ષણ કરતો પાળો તૂટી જતાં શેઢી નદીના પૂરોના પાણી સીધા જ ખુમારવાડ ગામમાં ઘૂસી ગયા છે, જેને પગલે સ્થાનિકોમાં ભારે ભાગદોડ અને હાહાકાર મચી ગયો છે. ગામ લોકોના જણાવ્યા મુજબ, છેલ્લા કેટલાક સમયથી શેઢી નદી બે કાંઠે ભયજનક સપાટીએ વહી રહી હતી. વહીવટી તંત્રની ઢીલી નીતિ વચ્ચે ગામને બચાવતો રક્ષણાત્મક પાળો પાણીના પ્રચંડ પ્રવાહ સામે ટકી શક્યો નહોતો. પાળો તૂટતાં જ નદીનું લાખો ક્યુસેક પાણી એકાએક ગામ તરફ વળી ગયું હતું. ઘરોમાં પાણી ઘૂસ્યા: જોતજોતામાં ગામના મુખ્ય માર્ગો, શેરીઓ અને નિચાણવાળા વિસ્તારમાં આવેલા સો કરતાં વધુ ઘરોમાં 3 થી 4 ફૂટ સુધી પાણી ભરાઈ ગયાં હતાં. દોડધામ અને પાણીનો અચાનક ધસમસતો પ્રવાહ જોઈને ઘરવખરી બચાવવા અને બાળકો-વૃદ્ધોને સુરક્ષિત સ્થળે ખસેડવા માટે લોકોમાં ભારે અફરાતફરી સર્જાઈ હતી.

## વડોદરામાં ST બસની અડફેટે ભયાનક અકસ્માત: એક યુવકનું કરુણ મોત, બે ગંભીર રીતે ઘાયલ થયા

વડોદરા

વડોદરા શહેરમાં દિવસેને દિવસે માર્ગ અકસ્માતોની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. મકરપુરા એસટી બસ ડેપો સામે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં એસટી બસની જોરદાર ટક્કરથી ત્રણ યુવકો ગંભીર અકસ્માતનો ભોગ બન્યા હતા.

આ ભયાનક અકસ્માતમાં હેમંત કમલેશભાઈ વસાવાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે મિલન વિજયભાઈ તડવી અને અનિકેત સુરેશભાઈ પરમાર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અકસ્માતની જાણ થતાં જ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે બંને ઈજાગ્રસ્ત યુવકોને વધુ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, ત્રણેય યુવકો જાંબુવા ગામ સામે આવેલ વુડાના મકાનના રહેવાસી છે. ઘટનાની જાણ થતાં જ 112 પોલીસની ટીમ તેમજ માંજલપુર પોલીસ સ્ટેશનનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મૃતક હેમંત વસાવાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને અકસ્માત અંગેનો ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### કાલુપુરમાં ખાખીની આડમાં ખૌફનું સામ્રાજ્ય!

# PI એચ.આર. વાઘેલા અને વહીવટદાર ધવલ જાનીની જોડી સામે જનતાનો આક્રોશ!

### સ્થાનિક વેપારીઓ અને નાગરિકો તંગ આવી ગયા છે, વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કાઈ કાર્યવાહી થતી નથી..! ઊલટાનું અવાજ ઉઠાવનારાઓ પર જ દબાણ લાવવામાં આવે છે...!




અમદાવાદ

અમદાવાદ શહેરનું હૃદય ગણાતો અને વેપારથી ધમધમતો કાલુપુર વિસ્તાર આજે વેપાર માટે નહીં, પણ ગુનાખોરી, નશાના કારોબાર અને સંગઠિત હપ્તાખોરીનું મુખ્ય કેન્દ્ર બની ગયો છે. કાલુપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.આર. વાઘેલા અને તેમના ખાસ કથિત વહીવટદાર ધવલ જાનીની જોડીએ સમગ્ર વિસ્તારમાં ખાખીની આડમાં એવું કાચું-પાકું નેટવર્ક ગોઠવ્યું છે કે જેનાથી આખા અમદાવાદ પોલીસ કમિશનર કાર્યાલયનું નાક વઢાઈ રહ્યું છે. સ્થાનિક વેપારીઓ અને નાગરિકો તંગ આવી ગયા છે. વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં કાઈ કાર્યવાહી થતી નથી, ઊલટાનું અવાજ ઉઠાવનારાઓ પર જ દબાણ લાવવામાં આવે છે!

મોટો સવાલ: કાલુપુરમાં કાલે જો લઠ્ઠાકાંડ કે મોટો ગંભીર ગુનો આચરવામાં આવશે, તો તેનો જવાબદાર કોણ? શું પીઆઈ વાઘેલાને વિસ્તારમાંથી અસામાજિક પ્રવૃત્તિઓ બંધ કરાવવામાં કોઈ રસ જ નથી?

### દારૂ, વરલી-મટકાથી લઈને ઝેરી MD ડ્રગ્સનો ખુલ્લેઆમ વેપાર!

કાલુપુરની સાંકડી ગલીઓમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી: દારૂના અડ્ડા: દેશી અને વિદેશી દારૂની ખુલ્લેઆમ વેચવાલી. વરલી-મટકા: રસ્તાઓ પર ટેબલો લગાવીને જુગાર રમાડાઈ રહ્યો છે. MD ડ્રગ્સનું ઝેર: યુવા પેઢીને બરબાદ કરતું એમ.ડી. ડ્રગ્સ કાલુપુરમાં આસાનીથી ઉપલબ્ધ છે. આ તમામ કાળા કારોબારમાંથી રોજના લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવવામાં આવે છે. પીઆઈ વાઘેલાના આશીર્વાદથી વહીવટદાર ધવલ જાની પોલીસ સ્ટેશન કરતાં પણ વધુ પાવર બતાવીને પોતાનું 'કાળું રાજ' ચલાવી રહ્યો છે.

### ઈમ્પોર્ટેડ ચાઈનીઝ માલ અને ગેરકાયદે મોબાઈલ માર્કેટ પર 'હપ્તા ટેક્સ'

કાલુપુર અને રિલીફ રોડનું ઈલેક્ટ્રોનિક્સ માર્કેટ સમગ્ર ગુજરાતમાં જાણીતું છે, પણ હવે ત્યાં ધવલ જાનીનો પંજો વાગી ગયો છે: ચાઈનીઝ માલ, બિલ વગર ઈમ્પોર્ટ કરાતા ઈલેક્ટ્રોનિક્સ સામાન પર મંથલી હપ્તા.

ચોરીના મોબાઈલ | વગર બિલના અને ચોરીના સ્માર્ટફોન વેચતા દલાલો પાસેથી ફિક્સ કમિશન. | બેનામી મિલકત : આ કાળા વહીવટના જોરે ધવલ જાની કરોડપતિ બનીને કરોડોની અનામી મિલકતો વસાવી ચૂક્યો છે.

### સટ્ટાબાજો માટે 'સેફ હેવન': "ઉપર સુધી સેટિંગ છે!"

ક્રિકેટ મેચના બુકીઓ અને સટ્ટાબાજો માટે કાલુપુર પોલીસ સ્ટેશનની હદ આખા રાજ્યમાં સૌથી 'સુરક્ષિત સરનામું' બની ગઈ છે. એક જાણીતા બુકીએ નામ ન આપવાની શરતે ખુલાસો કર્યો હતો કે:

'કાલુપુર સ્ટેશન હદમાં ચાલતા સટ્ટાના અડ્ડાઓ પર કોઈ એજન્સી રેડ પાડતી નથી. ધવલ જાનીનું સેટિંગ છેક ઉપર સુધી છે. કોઈ એજન્સીનું પગલું ન ભરવું જ બતાવે છે કે ધવલ જાની અને PI વાઘેલાનો પ્રભાવ કેટલો મોટો છે.'

### ગૃહ મંત્રીના 'ઝીરો ટોલરન્સ'ની મજાક? સ્પેશિયલ એજન્સીઓ કેમ મૌન?

ગુજરાતના ગૃહ મંત્રી હર્ષ સંઘવી અવારનવાર ગુનાખોરી સામે 'ઝીરો ટોલરન્સ' ની વાત કરે છે, પરંતુ કાલુપુરમાં PI વાઘેલા અને ધવલ જાનીનું સામ્રાજ્ય ગૃહ મંત્રીના આદેશોના ખુલ્લેઆમ લીરેલીરા ઉડાડી રહ્યું છે.

અમદાવાદ વિજિલન્સ વિંગ કેમ ચુપ છે?

PCB અને DCP સ્કવોડ કેમ અંધ બનીને બેઠી છે?

ક્રાઈમ બ્રાન્ચ સુધી આ અડ્ડાઓની ખબર નથી પહોંચતી કે પછી હપ્તાની આંચ ત્યાં સુધી પણ પહોંચે છે?

અમદાવાદના જાગૃત નાગરિકો અને કાલુપુરના પીડિત વેપારીઓ હવે સીધા અમદાવાદ શહેર પોલીસ કમિશનર પાસે ન્યાયની અપીલ કરી રહ્યા છે:

તાત્કાલિક તપાસ: ઉચ્ચ સ્તરીય તપાસ કમિટીની રચના કરવામાં આવે.

કડક પગલાં: PI એચ.આર. વાઘેલાની સસ્પેન્શન સાથે બદલી કરવામાં આવે.

ED / IT તપાસ: વહીવટદાર ધવલ જાનીની બેનામી સંપત્તિઓની ઈડી અને ઈનકમ ટેક્સ દ્વારા તપાસ થાય.

**પાક્કો ગુજરાતનો સ્પષ્ટ સંદેશ |** જો આ કાળા કારોબાર સામે તાત્કાલિક કડક પગલાં લેવામાં નહીં આવે, તો 'પાક્કો ગુજરાત' આ કાળા સામ્રાજ્યના વધુ ચોંકાવનારા પુરાવાઓ અને નામો જનતા સામે ખુલ્લા પાડવાનું ચાલુ રાખશે!

## રાજ્યમાં ચાંદીપુરાના 184 શંકાસ્પદ કેસમાંથી 35 પોઝિટિવ: 22 બાળકોનાં મોત

### 11 સેમ્પલના ટેસ્ટ રિપોર્ટ પેન્ડિંગ; વાયરસથી આરોગ્ય તંત્ર એલર્ટ

ગાંધીનગર

રાજ્યમાં ચાંદીપુરા વાયરસને લઈને આરોગ્ય વિભાગે સતર્કતા વધારી છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે, ગુજરાતમાં અત્યાર સુધીમાં 184 શંકાસ્પદ કેસ નોંધાયા છે, જેમાંથી 35 કેસ ચાંદીપુરા પોઝિટિવ આવ્યા છે. 11 સેમ્પલના ટેસ્ટ રિપોર્ટ હજુ પેન્ડિંગ છે. નોંધાયેલા શંકાસ્પદ કેસોમાંથી અત્યાર સુધીમાં 22 બાળકોનાં ચાંદીપુરા વાયરસથી મોત થયાં છે. હાલ વિવિધ સિવિલ હોસ્પિટલોમાં 7 પોઝિટિવ દર્દીઓ સારવાર હેઠળ છે, જ્યારે સારવાર બાદ સ્વસ્થ થયેલા 6 દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ ગાંધીનગર, સાબરકાંઠા-હિંમતનગર, પાટણ, રાજકોટ અને ભાવનગરની સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા પોઝિટિવ બાળકોની સારવાર ચાલી રહી છે. તબીબો દ્વારા દર્દીઓની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરિયાત મુજબ સુપર-સ્પેશિયાલિસ્ટ સારવાર આપવામાં આવી રહી છે. આરોગ્ય વિભાગે સરકારી તેમજ ખાનગી ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલને પણ લક્ષણો ધરાવતા બાળકોને તાત્કાલિક ઓક્સિજન અને વેન્ટિલેટર સુવિધાવાળા ICU બેડમાં દાખલ કરી સારવાર શરૂ કરવા સૂચના આપી છે. આરોગ્ય મંત્રીએ સ્પષ્ટ કર્યું કે, રાજ્યમાં ચાંદીપુરાના તમામ કેસ કોઈ એક ગામ કે ચોક્કસ વિસ્તારમાંથી સામે આવ્યા નથી. અલગ-અલગ વિસ્તારોમાંથી કેસ નોંધાઈ રહ્યા હોવાથી આરોગ્ય વિભાગની ટીમો ગ્રાઉન્ડ લેવલે સતત સર્વેલન્સ અને તકેદારીની કામગીરી કરી રહી છે.



માટી કે કાચા મકાનોની દિવાલોમાં પડેલી તિરાડો પૂરવા તેમજ પશુપાલન ધરાવતા વિસ્તારોમાં જંતુનાશક દવાનો છંટકાવ કરવાની કામગીરી હાથ ધરાઈ છે. હાલ ચાંદીપુરા વાયરસ સામે કોઈ ચોક્કસ રસી કે અસરકારક ચોક્કસ દવા ઉપલબ્ધ નથી. વાયરસની રસી અને અસરકારક દવા વિકસાવવા માટે તબીબો અને સંશોધકોની વિશેષ ટીમ દ્વારા વૈજ્ઞાનિક રીતે સંશોધન ચાલી રહ્યું છે. આરોગ્ય મંત્રીએ લોકોને અફવાઓથી દૂર રહેવા અને સાવચેતી રાખવાની અપીલ કરી છે. ખાસ કરીને 15 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં તાવ, ઊલટી, ખેંચ અથવા અન્ય ગંભીર લક્ષણો જણાય તો સમય ગુમાવ્યા વિના નજીકની સરકારી જિલ્લા હોસ્પિટલનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવી છે.

### ડ્રગ્સ મુક્ત ભારત તરફ મોટું કદમ

## નરેન્દ્ર મોદીએ દેશવ્યાપી 100 અઠવાડિયાના 'નશા મુક્ત યુવા અભિયાન'નો કરાવ્યો પ્રારંભ

અમદાવાદ

વિકસિત ભારતના નિર્માણ માટે દેશની યુવા શક્તિને નશાના ચક્રવ્યૂહમાંથી મુક્ત રાખવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ઐતિહાસિક અને મહત્વાકાંક્ષી રાષ્ટ્રીય ઝુંબેશની શરૂઆત કરી છે. વડાપ્રધાને દેશભરમાં *૧૦૦ અઠવાડિયાં સુધી ચાલનારા 'નશા મુક્ત યુવા અભિયાન'*નો પ્રારંભ કરાવ્યો છે. આ અભિયાનનો મુખ્ય હેતુ યુવાનોને નર્કોટિક્સના સેવનથી દૂર રાખવા અને તેમના સ્થાનિક સમુદાયમાં સકારાત્મક સામાજિક પરિવર્તનના બ્રાન્ડ એમ્બેસેડર (રાજદૂત) બનાવવાનો છે. આ અભિયાન અંતર્ગત આગામી ૧૦૦ અઠવાડિયાં સુધી દર રવિવારે સમગ્ર દેશમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે: જનભાગીદારી અને જાગૃતિ: રમતગમત, કળા, સાંસ્કૃતિક કાર્યક્રમો અને યોગ-



ધ્યાન જેવી પ્રવૃત્તિઓ દ્વારા યુવાનોને જોડવામાં આવશે.

સામાજિક બદલાવ: દેશભરની શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં ડ્રગ્સના સેવનથી થતા શારીરિક, માનસિક અને સામાજિક નુકસાન અંગે જાગૃતિ ફેલાવાશે.

સમુદાયની સક્રિય ભાગીદારી: દર રવિવારે યોજાનારાં આયોજનો દ્વારા લોકોને ડ્રગ-મુક્ત સમાજના નિર્માણમાં સીધા ભાગીદાર બનાવવામાં આવશે.

અભિયાનનો પ્રારંભ કરાવતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના યુવાનોને ખાતરી આપતાં કહ્યું: 'આજે સરકાર પણ ડ્રગ્સ વિરુદ્ધના આ મહાયજ્ઞમાં યુવાનોની સાથે મક્કમ રીતે ઊભી છે. દેશમાં ડ્રગ્સ વેચનારા સપ્લાયર્સ અને નશો કરનારાઓ સામે કડકમાં કડક પગલાં લેવામાં આવી રહ્યાં છે. અગાઉની સરખામણીએ આજે ઘણી ગણી વધુ ધરપકડો થઈ રહી છે અને હજારો કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું છે.

### નવા વીજ કનેક્શન અને પાવર વધારાના ટેસ્ટ રિપોર્ટ ચાર્જ રદ કરવા ઊર્જા મંત્રીને રજૂઆત

## ખેડૂતો પરનો આર્થિક બોજ હળવો કરવા કિસાન સંઘ મેદાને

ગાંધીનગર

ગુજરાતના ખેડૂતો પર પડતા વધારાના આર્થિક બોજને હળવો કરવા માટે ભારતીય કિસાન સંઘ દ્વારા મહત્ત્વની પહેલ કરવામાં આવી છે. સંઘ દ્વારા રાજ્યના ઊર્જા મંત્રી ઋષિકેશ પટેલને પત્ર લખીને ખેતીવાડી માટે નવા વીજ કનેક્શન મેળવતી વખતે અથવા પાવર વધારો કરતી વખતે લેવાતા ટેસ્ટ રિપોર્ટના ચાર્જિસ સંપૂર્ણપણે રદ કરવાની અથવા તેમાં નોંધપાત્ર ઘટાડો કરવાની સખત માંગણી કરવામાં આવી છે. કિસાન સંઘે પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે ખેતી માટે નવું વીજ કનેક્શન લેતી વખતે વીજ કંપનીઓ દ્વારા ઈલેક્ટ્રિકલ એન્જિનિયર પાસેથી મેળવેલો ટેસ્ટ રિપોર્ટ ફરજિયાતપણે માંગવામાં આવે છે. આ ટેસ્ટ રિપોર્ટ મેળવવા માટે ખેડૂતોને બહારના ખાનગી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરોને મોટી રકમ ચૂકવવી પડે છે. વિવિધ એન્જિનિયરો દ્વારા ખેડૂતો પાસેથી અલગ-અલગ અને મનફાવે તેમ ફી વસૂલવામાં આવતી હોવાનો પણ આક્ષેપ કરાયો છે. કિસાન સંઘ નું કહેવું છે કે જ્યારે ખેડૂત



પોતાના કનેક્શનમાં માત્ર પાવરનો નોમિનલ વધારો કરાવે છે.ત્યારે પણ સમગ્ર સેટઅપ યથાવત જ રહે છે. સેટઅપમાં કોઈ મોટો ફેરફાર થતો ન હોવા છતાં વારંવાર નવો ટેસ્ટ રિપોર્ટ માંગવામાં આવે છે. આથી આવી સ્થિતિમાં ખેડૂતોને કાયમી મુક્તિ આપવી જોઈએ. જો ટેસ્ટ રિપોર્ટ સંપૂર્ણપણે નાબૂદ કરવો શક્ય ન હોય તો ખેડૂતોનું શોષણ અટકાવવા નિયત અને પારદર્શક દરો નક્કી કરી તેને જાહેર માધ્યમો દ્વારા એનાઉન્સ કરવા અપીલ કરાઈ છે.આ અંગે ભારતીય કિસાન સંઘના પ્રદેશ મહામંત્રી આર.કે. પટેલે જણાવ્યું હતું કે ખેડૂતો પરનો આ આર્થિક બોજ દૂર થાય તે માટે સરકાર સમક્ષ આ રજૂઆત કરવામાં આવી છે.

સંઘના પ્રદેશ અધ્યક્ષ જગમાલભાઈ આર્ય અને મહામંત્રી આર.કે. પટેલ દ્વારા પાઠવાયેલા આ પત્રની નકલ ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનના ચેરમેન અને સપ્લાય કોડ તથા સલાહકાર ફોરમ સમિતિને પણ મોકલવામાં આવી છે. કિસાન સંઘે આશા વ્યક્ત કરી છે કે રાજ્ય સરકાર ખેડૂતોના હિતમાં તાત્કાલિક અને સકારાત્મક નિર્ણય લેશે.

### ગાંધીનગર જિલ્લાના કલોલમાં

## કલ્યાણપુરા, સરદાર બાગ, ખૂની બંગલા વિસ્તારના વેપારીઓને અંતિમ ચેતવણી

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ શહેરમાં જાહેર માર્ગો પર વધતા દબાણો અને તેના કારણે સર્જાતી ટ્રાફિક તેમજ ગંદકીની સમસ્યાને ધ્યાનમાં રાખીને કલોલ નગરપાલિકાએ દબાણ હટાવવાની વિશેષ ઝુંબેશ શરૂ કરી છે. વરસાદી મોસમ દરમિયાન મુખ્ય માર્ગો પર વધતા ટ્રાફિકજામને દૂર કરવા શહેરના વિવિધ વિસ્તારોમાં કાર્યવાહી હાથ ધરાઈ હતી.

પાલિકાના પ્રમુખ જયશ્રીબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન વિમલભાઈ પ્રજાપતિ, કલ્યાણપુરા વોર્ડના કાઉન્સિલર, દબાણ અધિકારી આરીફભાઈ તથા નગરપાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓની હાજરીમાં ઝુંબેશનો પ્રારંભ કલ્યાણપુરા વિસ્તારના નવા શાક માર્કેટથી કરવામાં આવ્યો હતો.

અહીં લાંબા સમયથી જાહેર રસ્તાઓ અને ખુલ્લી જગ્યાઓ પર શાકભાજીની લારીઓ તેમજ ફેરીયાઓના દબાણને કારણે ટ્રાફિક અને સ્વચ્છતાની સમસ્યા સર્જાતી હતી. નગરપાલિકાએ અગાઉ અનેક વખત વેપારીઓને મૌખિક સૂચનાઓ અને ચેતવણીઓ આપી હોવા છતાં દબાણો દૂર ન થતાં કાર્યવાહી કરવામાં આવી હતી.

પાક્કો ગુજરાત

મંગળવાર । 04 ઓગસ્ટ 2026 । અમદાવાદ

### ગ્લાસગોમાં ભારતના મેડલ વિજેતાઓના ઐતિહાસિક પ્રદર્શનની પ્રશંસા કરી

# કોમનવેલ્થના વિજેતા એથ્લેટ્સ નવી પેઢીને પ્રેરણા આપશે: ખેલમંત્રી ડૉ.મનસુખ માંડવિયા

### કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ કોમનવેલ્થ ગેમ્સ 2026 ના વેઇટલિફ્ટિંગ મેડલ વિજેતાઓને રોકડ પુરસ્કારોથી સન્માનિત કર્યા



એસ.કુમાર । અમદાવાદ

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો. મનસુખ માંડવિયાએ સોમવારે ગ્લાસગોમાં ભારતના કોમનવેલ્થ ગેમ્સ 2026 ના વેઈટલિફ્ટિંગ મેડલ વિજેતાઓના ઐતિહાસિક પ્રદર્શનની પ્રશંસા કરતા તેઓનું સન્માન કર્યું હતું. ભારતીય વેઈટલિફ્ટર્સે 11 જેટલી વજન કેટેગરીમાં સ્પર્ધા કરી હતી અને આઠ મેડલ - એક ગોલ્ડ, છ સિલ્વર અને એક બ્રોન્ઝ સાથે પરત ફર્યા હતા. ભારતીય ટુકડીએ અનેક કોમનવેલ્થ ગેમ્સ અને કોમનવેલ્થ રેકોર્ડ્સ નોંધાવ્યા હતા, જ્યારે કેટલાક એથ્લેટ્સે વ્યક્તિગત શ્રેષ્ઠ લિફ્ટ પણ પ્રાપ્ત કરી હતી. મંત્રીએ કોમનવેલ્થ ગેમ્સમાં તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓની જાહેરાતમાં ગોલ્ડ મેડલ વિજેતાઓને 30 લાખ, સિલ્વર મેડલ વિજેતાઓને 20 લાખ અને બ્રોન્ઝ મેડલ વિજેતાઓને 10 લાખના રોકડ પુરસ્કારો અર્પણ કર્યા હતા, જ્યાં ભારતીય વેઈટલિફ્ટર્સે દેશના સૌથી મજબૂત અભિયાનોમાંનું એક આપ્યું હતું. લિફ્ટર્સને અભિનંદન આપતા ડો. માંડવિયાએ જણાવ્યું હતું કે સમગ્ર દેશે તેમની સિદ્ધિઓની ઉજવણી કરી છે. ‘સંસદમાં પણ જ્યારે પણ તમે મેડલ જીત્યા ત્યારે જાહેરાતો કરવામાં આવી હતી. તે ક્ષણોએ દરેક ભારતીયને ગૌરવ અપાવ્યું હતું,‘ તેમણે કહ્યું. મંત્રીએ દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા વિજય શર્મા સહિતના કોચને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી, જેઓ સોમવારે સન્માન સમારોહ દરમિયાન ઉપસ્થિત હતા, તેમણે ચેમ્પિયન બનાવવા માટે તેમની અપરિહાર્ય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. ‘એથ્લેટની મુસાફરીમાં ગુરુની સૌથી મોટી ભૂમિકા હોય છે. ચેમ્પિયન બનાવવામાં કોચના યોગદાનથી મોટું કંઈ નથી,‘ તેમણે ઉમેર્યું.

ઓલમ્પિક સિલ્વર મેડલ વિજેતા મીરાબાઈ ચાનુએ સતત ત્રણ કોમનવેલ્થ ગેમ્સ ગોલ્ડ મેડલ જીતનાર પ્રથમ ભારતીય વેઈટલિફ્ટર બનીને ઈતિહાસ રચ્યો હતો, જ્યારે ઋષિકાંત સિંહ અને વલ્લુરી અજય બાબુએ સ્નેચમાં નવા કોમનવેલ્થ ગેમ્સ રેકોર્ડ બનાવ્યા હતા. જ્ઞાનેશ્વરી યાદવ અને હરજિંદર કૌર સહિતના કેટલાક લિફ્ટર્સે વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન નોંધાવ્યું હતું.

## માંજલપુરમાં ભાજપનો કેસરીયો લહેરાયો: સતીશ પટેલની 30,499 મતોની ભવ્ય લીડથી જીત

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાની અને ભાજપનો અજેય ગઢ ગણાતી માંજલપુર વિધાનસભા બેઠક પર યોજાયેલી પેટાચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ભાજપના ગઢમાં ફરી એકવાર ભગવો લહેરાયો છે. આ બેઠક પર ભાજપના ઉમેદવાર *સતીશ પટેલ (નિશાળીયા)*નો કોંગ્રેસના ઉમેદવાર ભીખાભાઈ રબારી સામે ૩૦,૪૯૯ મતોની તોતિંગ લીડથી ભવ્ય વિજય થયો છે. માંજલપુર બેઠક પરથી સતત ચૂંટાતા આવ્યા અને વિસ્તારમાં ભારે જનપ્રિયતા ધરાવતા વરિષ્ઠ ભાજપ નેતા તથા પૂર્વ ધારાસભ્ય *યોગેશ પટેલ (કાકા)*ના દુઃખદ નિધન બાદ આ બેઠક ખાલી પડી હતી.

અંગત ક્ષતિ અને આબરૂનો જંગ: યોગેશ કાકાના અવસાન બાદ આ પેટાચૂંટણી ભાજપ માટે ગઢ બચાવવાનો અને સ્વ. યોગેશ પટેલના વારસાને જાળવી રાખવાનો મોટો સવાલ હતી.

મતદારોનો અકબંધ વિશ્વાસ: માંજલપુરની જનતાએ ફરી એકવાર ભાજપ પર વિશ્વાસ મુકીને સતીશ પટેલને જંગી સરસાઈથી વિજયી બનાવ્યા છે.

ચૂંટણી જંગમાં કોંગ્રેસે ભીખાભાઈ રબારીને મેદાનમાં ઉતારીને ભાજપના ગઢમાં વ્હીપ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. શરૂઆતના રાઉન્ડથી જ ભાજપના સતીશ પટેલે મેળવેલી પ્રારંભિક લીડ અંતિમ રાઉન્ડ સુધી સતત વધતી ગઈ હતી અને અંતે ૩૦,૪૯૯ મતોના મોટા તફાવતથી કોંગ્રેસના ઉમેદવારને પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

## ભારે વરસાદ વચ્ચે SDM ભરૂચ અને મામલતદાર ભરૂચ ગ્રામ્ય દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોનું મેદાની નિરીક્ષણ, તંત્ર સંપૂર્ણ સજ્જ

ભરૂચ



ભરૂચ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા ભારે વરસાદને પગલે વહીવટી તંત્ર દ્વારા સતત પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. નાગરિકોની સુરક્ષા અને જાનમાલના રક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં SDM ભરૂચ તથા મામલતદાર ભરૂચ ગ્રામ્ય દ્વારા વિવિધ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થળ મુલાકાત લઈને મેદાની નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ નીચાણવાળા વિસ્તારો, નદી-નાળાઓ, વરસાદી પાણીના ભરાવાવાળા સ્થળો, સંવેદનશીલ ગામો તેમજ મુખ્ય માર્ગોની સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. સ્થળ પર હાજર સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચા કરી જરૂરી તકેદારી રાખવા, પાણીના નિકાલની વ્યવસ્થા ઝડપી બનાવવા તથા કોઈપણ પ્રકારની આકસ્મિક પરિસ્થિતિ ઊભી થાય તો તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. નિરીક્ષણ દરમિયાન બચાવ અને રાહત કામગીરી માટે ઉપલબ્ધ મશીનરી, માનવબળ તથા જરૂરી સાધનોની પણ સમીક્ષા કરવામાં આવી હતી. જો જરૂર પડે તો અસરગ્રસ્ત વિસ્તારોમાં લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવાની કામગીરી સમયસર હાથ ધરવામાં આવે તે માટે જરૂરી આયોજન અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા જિલ્લા કંટ્રોલ રૂમ, મહેસૂલ વિભાગ, પોલીસ, ફાયર બ્રિગેડ, આરોગ્ય વિભાગ, પંચાયત તંત્ર તથા અન્ય સંબંધિત વિભાગો સાથે સતત સંકલન રાખીને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

### ગ્રામજનોનું જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું

## વાગરા તાલુકાના વિછીયાડ ગામે વરસાદી પાણીનો કહેર, ગ્રામજનો જળબંધી વચ્ચે ઘેરાયા

**કોઇ ખેડૂત દ્વારા પોતાના ખેતરમાં પાણી ન ઘૂસે તે માટે જાહેર રસ્તાને ગેરકાયદેસર રીતે બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે વરસાદી પાણી ગામની આદિવાસી નગરીમાં ફરી વળ્યું**

વાગરા

વાગરા તાલુકાના વિછીયાડ ગામમાં વરસાદી પાણીના નિકાલના અભાવે અતિ ગંભીર સ્થિતિનું નિર્માણ થયું છે. ગામમાંથી પસાર થતો કોઝવે વરસાદને કારણે પુરાઈ જતા અને તંત્ર દ્વારા પાણીના નિકાલની કોઈ કાયમી વ્યવસ્થા ન કરવામાં આવતા આખું ગામ ચારે બાજુથી પાણીથી ઘેરાઈ ગયું છે, જેને લઈને ગ્રામજનોનું જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે.



પ્રાપ્ત માહિતી મુજબ, ગામમાં વરસાદી પાણીના નિકાલ માટે કોઈ યોગ્ય વ્યવસ્થા નથી. સ્થાનિક રહીશ ઘનશ્યામભાઈ પટેલ સહિત ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, કોઈ ખેડૂત દ્વારા પોતાના ખેતરમાં પાણી ન ઘૂસે તે માટે જાહેર રસ્તાને ગેરકાયદેસર રીતે બંધ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે વરસાદી પાણી કુદરતી કાસમાં વહી જવાને બદલે સીધું ગામની આદિવાસી નગરીમાં ફરી વળ્યું છે. આ પરિસ્થિતિને કારણે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોના ઘરોમાં પાણી ઘૂસી ગયા છે, તો બીજી તરફ ખેડૂતોનો ઉભો તૈયાર પાક પાણીમાં ડૂબી જવાથી સંપૂર્ણપણે નષ્ટ થવાની ભીતિ સેવાઈ રહી છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ આ સમસ્યા અંગે ગ્રામ પંચાયતમાં અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ સંતોષકારક પગલાં લેવામાં આવ્યા નથી.

### SOG બ્રાંચે 34 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

## જેતપુરમાં સાદી રેતીનું ગેરકાયદે ખનન અને વહન ઝડપાયું...!

રાજકોટ



રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામી દેવા માટે રાજકોટ રેન્જ આઈજી નિલિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર ની સૂચના અને માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. શાખા દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. જેતપુર ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ઓ.જી. શાખાના અધિકારીઓ અને કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન એસ.ઓ.જી. શાખાના સ્ટાફના હે.કો. નેમિષભાઇ મહેતા તથા પિયુષભાઇ અઘેરા નાઓને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી હકીકત મળી હતી કે જેતપુર ગંજપીરની દરગાહ પાસે, ભાદર નદીના પટમાં સાદી રેતીનું ગેરકાયદેસર ખનન અને વહન ચાલી રહ્યું છે. આ ચોક્કસ બાતમીના આધારે પોલીસે ઘટનાસ્થળે રેડ કરી ગેરકાયદેસર પ્રવૃત્તિને ઝડપી પાડી હતી. પોલીસે ઘટનાસ્થળેથી કુલ ૩૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. જેમાં ૩૦ લાખનું એક એસ્કેવેટર મશીન તથા ૩ લાખનું એક ટ્રેક્ટર અને ૧ લાખની આશરે ૨૦૦ ટન સાદી રેતીનો સમાવેશ થાય છે. આ તમામ વાહનોને એમ.વી.એક્ટ ૨૦૭ મુજબ ડિટેઈન કરી, ભૂસ્તર શાસ્ત્રી ખાણ ખનીજ વિભાગ રાજકોટના નાઓને વધુ કમ્પાઉન્ડિંગ દંડ પેટે રીપોર્ટ આપી ખનીજ વિભાગને લગતા દંડ માટે સોંપવામાં આવ્યા છે.

### અમદાવાદમાં બ્લેકલિસ્ટ થયેલી કંપનીને કોન્ટ્રાક્ટ પધરાવાયો!

## લોકાર્પણ પહેલાં જ ભ્રષ્ટાચાર પર ભૂંસડો : ખેડાના હેરંજ-પણસોરા બ્રિજની માટી બેસી ગઇ

ખેડા/મહુધા

‘વિકાસ’ના નામે કાગળ પર મજબૂત અને જમીન પર બટર જેવા પોચા બ્રિજ બનાવવાનું કારનામું વધુ એકવાર ખેડા જિલ્લામાં સામે આવ્યું છે! મહુધા તાલુકાના હેરંજથી પણસોરા તરફ જવાના માર્ગ પર શેઢી નદી પર રૂ. ૫.૫૦ કરોડના તોતિંગ ખર્ચે નવો બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. પરંતુ, વાહનોની ધમધમાટ તો દૂરની વાત છે, હજુ તો લોકાર્પણનું મુહૂર્ત પણ સચવાયું નથી ત્યાં જ બ્રિજની પોલ ખુલી ગઈ છે!





બ્રિજનું વિધિવત ઉદ્ઘાટન થાય તે પહેલાં જ રવિવારે સવારે બ્રિજની બંને બાજુના એપ્રોચ રોડ સાઈડની માટી ભયાનક રીતે બેસી ગઈ હતી. પાયામાંથી જ નબળા બાંધકામની પોલ ખુલી જતાં કોન્ટ્રાક્ટર અને સરકારી બાબુઓના પેટમાં તેલ રેડાયું હતું. ભ્રષ્ટાચારનો ભાંડો ફૂટી ન જાય તે માટે ઉતાવળે રવિવારની સવારે જ વેટમિક્સ (મટીરીયલ) નાખીને ગાબડાં પૂરવા અને ભ્રષ્ટાચાર પર લપેડા કરવાની કવાયત હાથ ધરવામાં આવી હતી. સામાન્ય વરસાદ કે માટીના દબાણમાં જ જો એપ્રોચ રોડ બેસી જતો હોય, તો કાલે સવારે જ્યારે આ બ્રિજ પરથી ભારે વાહનો પસાર થશે ત્યારે કયા સ્તરની હોનારત સર્જાશે?

આ સમગ્ર કૌભાંડમાં સૌથી ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે આ બ્રિજ બનાવવાનો કરોડોનો કોન્ટ્રાક્ટ જે કંપનીને આપવામાં આવ્યો છે, તેને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં અગાઉ જ બ્લેકલિસ્ટ (કાળી યાદીમાં) જાહેર કરવામાં આવી હતી! જે કંપની એક જિલ્લામાં નાદાર અને હલકી ગુણવત્તાના કામ માટે બ્લેકલિસ્ટ થાય છે, તેને જ ખેડા જિલ્લામાં રૂ. ૫.૫૦ કરોડનો કોન્ટ્રાક્ટ કયા મેળાપીપણા હેઠળ પધરાવી દેવાયો?

## બોટાદ સેસન્સ કોર્ટના સજા વોરંટના કામે નાસતા ફરતા 4 આરોપીને પકડી પાડી જેલ હવાલે કરતી રાણપુર પોલીસ

ભાવનગર

ભાવનગર રેન્જ આઈ.જી.આર.વી અસારી તથા બોટાદ જીલ્લા પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્મા દ્વારા નામદાર કોર્ટમાંથી સજા પામેલ આરોપીને પકડી પાડવા સારૂ સુચના આપેલ હોય જે અન્વયે બરવાળા વિભાગના વિભાગીય પોલીસ અધિક્ષક ચિંતન પટેલ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ જે સુચના અને માર્ગદર્શન અન્વયે રાણપુર પોલીસ સ્ટેશનના PI એસ.એ.પટેલ રાણપુર પોલીસ સ્ટાફ દશરથભાઇ રણછોડભાઇ કમેજરીયા, ઝાલાભાઇ વશરામભાઇ ગમારા,લગ્ધીરસિંહ અજીતસિંહ ચુડાસમા,મહાવીરસિંહ રઘુવીરસિંહ ચુડાસમા,અનિરુધ્ધભાઇ બહાદુભાઇ જેબલીયા એ રાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારના પેટ્રોલીંગમાં તે દરમ્યાન સર્વેલન્સ ટીમ દ્વારા ખાનગી રાહે બાતમી હકીકતખ મળી કે મ્હે એડીશનલ ડીસ્ટ્રકટ કોર્ટના જાવક નંબર 457/2026 તા. 29/7/2026 મુજબના આરોપીઓને 7 વર્ષની સાદી કેદની સજા થયેલ હોય અને આ સજા પામેલ તમામ આરોપીને રાણપુર પોલીસ દ્વારા હસ્તગત કરી લઇ કાયદેસરની કાર્યવાહી કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

### ડભોઇના ગોજાલી ગામે નદી પરનું કાચું નાળું બન્યું મુસીબત

## 500 વીઘાના ખેડૂતો અને શ્રદ્ધાળુઓ જીવના જોખમે અવરજવર કરવા મજબૂર!

ડભોઇ/વડોદરા

એક તરફ સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં ‘સ્માર્ટ વિલેજ’ અને પાકા રસ્તા-પુલ બનાવવાના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, તો બીજી તરફ વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના ઐતિહાસિક અને ધાર્મિક મહત્વ ધરાવતા ગોજાલી ગામે તંત્રની ઘોર ઉદાસીનતા સામે આવી છે. ગામમાંથી પસાર થતી નદી પર પાકો પુલ કે નાળું ન હોવાથી સ્થાનિક ખેડૂતો અને શ્રદ્ધાળુઓ માટે આ કાચો રસ્તો અત્યારે માથાનો દુખાવો અને ભયનું કારણ બની ગયો છે. વર્ષોથી પાયાની સુવિધાઓથી વંચિત રહેલા ગ્રામજનોએ આખરે કંટાળીને સ્વખર્ચે અને શ્રમદાન કરીને આ કામચલાઉ કાચું નાળું બનાવ્યું હતું. પરંતુ, ચોમાસાની ઋતુ શરૂ થતાં જ તેમની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો થયો છે. સિમેન્ટની થેલીઓનો ટેકો: નદીમાં પાણીનું સ્તર વધતાં આ કાચું નાળું ગમે ત્યારે ધસી જવાની ભીતિ સેવાઈ રહી છે. પાણીના પ્રવાહને રોકવા અને રસ્તો ચાલુ રાખવા માટે મજબૂર બનેલા ખેડૂતો સિમેન્ટની કોથળીઓમાં માટી-કાંકરી ભરીને ધાર પર મૂકી કામચલાઉ સમારકામ કરી રહ્યા છે. ચોમાસાના દિવસોમાં ખેડૂતો અને ગ્રામજનો દરરોજ જીવના જોખમે આ કાદવ-કીચડ અને ધસમસતા પાણી વચ્ચેથી પસાર થવા મજબૂર બન્યા છે.



ગોજાલી ગામ ખાતે વર્ષો જૂનું અને આસ્થાનું કેન્દ્ર એવું પ્રાચીન શ્રી સંગમેશ્વર મહાદેવ મંદિર આવેલું છે, જ્યાં વડોદરા જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં ભક્તો દાદાના દર્શનાર્થે આવે છે. આ ઉપરાંત, નદીના સામેના કાંઠે ગામના ખેડૂતોની આશરે ૫૦૦ વીઘા જેટલી ફળદ્રુપ જમીન આવેલી છે. મંદિરે જવા માટે તેમજ ખેતરોમાં ખાતર, બિયારણ, ટ્રેક્ટર કે પાક નીપજ લાવવા-લઈ જવા માટે આ કાચું નાળું જ એકમાત્ર આશરો છે. જો વરસાદી પ્રવાહમાં આ નાળું તણાઈ જાય, તો શ્રદ્ધાળુઓનો મંદિર સાથેનો સંપર્ક તૂટી જશે અને ખેડૂતો ખેતરે પહોંચી શકશે નહીં, જેનાથી ઊભા પાકને ભારે નુકસાન થવાની ભીતિ છે.

### અમદાવાદ ગ્રામ્ય જિલ્લા આરોગ્ય શાખા દ્વારા

## પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન આરોગ્ય સર્વેલન્સ અને રોગચાળો નિવારણની કામગીરી

વિરમગામ, (વંદના નીલકંઠ વાસુકિયા)

અમદાવાદ ગ્રામ્ય જિલ્લામાં ચોમાસાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી તા. 23/07/2026 થી 02/08/2026 દરમિયાન જિલ્લા આરોગ્ય શાખા દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય સર્વેલન્સ, રોગચાળો અટકાવવા તથા જનજાગૃતિ માટે સઘન કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન જિલ્લાના 469 ગામોમાંથી 10 અસરગ્રસ્ત ગામોના 541 અસરગ્રસ્ત પરિવારો સુધી આરોગ્ય ટીમો પહોંચી હતી. કુલ 277 આરોગ્ય ટીમો દ્વારા 13,41,742 નાગરિકોનું સર્વેલન્સ કરવામાં આવ્યું.

સર્વેલન્સ દરમિયાન 208 ઝાડા, 21 ઊલટી, 4368 શરદી-ખાંસી તથા 599 તાવના કેસો મળી આવ્યા હતા. તમામ દર્દીઓને સ્થળ પર જરૂરી સારવાર, દવાઓ તથા અનુસરણની કામગીરી કરવામાં આવી હતી અને તાત્કાલિક નિયંત્રણના પગલાં લેવામાં આવ્યા હતા.

સુરક્ષિત પીવાના પાણીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે કુલ 17,451 આર.સી.સી. ટેસ્ટ, 17,418 ક્લોરીન રેસિડ્યુઅલ ટેસ્ટ પોઝિટિવ આવેલ હતા. ઉપરાંત લોકોને સુરક્ષિત પાણી પીવા માટે 91,800 ક્લોરિન ટેબ્લેટ્સ અને 5,853 ઓ.આર.એસ. પેકેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય વિભાગ દ્વારા 151 મેડિકલ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 8,796 નાગરિકોની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. 75 જેટલી સફે સુવાવડ પણ કરાવવા માં આવી. આશા, એ.એન.એમ., મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર તથા અન્ય આરોગ્ય કર્મચારીઓ દ્વારા ગામોમાં સ્વચ્છતા, મચ્છરજન્ય અને પાણીજન્ય રોગોથી બચાવ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી.

જિલ્લા આરોગ્ય શાખા દ્વારા સમગ્ર પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરીયાત મુજબ આરોગ્ય સેવાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

### વહેલી સવાર હોવાથી મોટો અકસ્માત ટળ્યો!

## ડભોઇના ધમધમતા સ્ટેશન રોડ ઉપર 'વાઘેશ્વરી લોજ'નો ભાગ કડાકાભેર ધરાશાયી

ડભોઇ

ડભોઈ શહેરના સૌથી મુખ્ય અને સતત ચહલપહલથી ભરચક એવા સ્ટેશન રોડ પર આજે વહેલી સવારે એક મોટી હોનારત ટળી હતી. વર્ષો જૂની અને અત્યંત જર્જરિત થઈ ચૂકેલી ત્રણ માળની ’વાઘેશ્વરી લોજ’ બિલ્ડિંગનો એક મોટો ભાગ એકાએક કડાકાભેર ધરાશાયી થયો હતો. ધડાકાભેર દિવાલ અને ભાગ તૂટી પડતાં આસપાસના વિસ્તારમાં ભારે ભાગદોડ અને ફફડાટ વ્યાપી ગયો હતો. સદનસીબે આ ઘટના વહેલી સવારે બની હોવાથી અને રસ્તા પર રાહદારીઓની અવરજવર નહિવત હોવાથી મોટી જાનહાનિ ટળી હતી.



છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા વરસાદના કારણે ઈમારતનો એક ભાગ (ફાગ) પલળીને તૂટી પડ્યો છે. આ ત્રણ માળની જર્જરિત બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર અનેક વેપારીઓની દુકાનો આવેલી છે.

આ રસ્તો રેલવે સ્ટેશન તરફ જતો મુખ્ય માર્ગ હોવાથી રોજના હજારો લોકો અને વાહનચાલકો અહીંથી પસાર થાય છે.

હાલમાં સમગ્ર ઈમારત અત્યંત બળહીન અને ભયજનક સ્થિતિમાં ઊભી છે. જો હજુ પણ વધુ વરસાદ આવશે તો આખી બિલ્ડિંગ જમીનદોસ્ત થઈ શકે છે, જેના કારણે સ્થાનિક વેપારીઓ અને રહીશોના જીવ તાળવે ચોંટેલા છે.

સ્થાનિકોએ ભારે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ ઈમારત જીવલેણ બની ચૂકી હોવા અંગે ડભોઈ નગરપાલિકા દ્વારા અગાઉ બિલ્ડિંગ માલિકને કડક નોટિસ પાઠવવામાં આવી હતી.

નોટિસ મળ્યા છતાં મકાન માલિક દ્વારા ભયજનક બાંધકામ દૂર કરવાની કોઈ જ તસ્દી લેવાઈ નથી.

## તંત્રી લેખ...

# રેય મળે કે ન મળે, આપનું શ્રેષ્ઠ આપવાનું ક્યારેય ન છોડશો: કારણ કે જે નિષ્કર્ષ કર્મ આપે છે, તે જ સર્વશ્રેષ્ઠ કહેવાય છે!

આજના ડિજિટલ યુગમાં માણસ પોતાના કામ કરતાં વધારે કામના પ્રચાર-પ્રસાર પાછળ ઘેલો થયો છે. સોશિયલ મીડિયાની લાઈક્સ, ક્ષણિક તાળીઓના ગડગડાટ, કે કોઈની વાહવાહ મેળવવાની લાલચ આજે માણસના ચારિત્ર્ય અને ઈમાનદારી પર હાવિ થઈ ગઈ છે. કોઈ સામાન્ય ઓફિસ કર્મચારી હોય, વિદ્યાર્થી હોય, રાજકારણી હોય કે કોઈ મોટી સંસ્થાનો માલિક–દરેકની ઈચ્છા એ જ રહે છે કે તેમણે કરેલા નાનામાં નાના કામનું 'ક્રેડિટ' (શ્રેય) આખી દુનિયાની સામે આવે.


પરંતુ, કુદરત અને જીવનનો ગૂઢ નિયમ કંઈક ભિન્ન જ કહે છે. જગતના ઈતિહાસથી લઈને વર્તમાન સમય સુધી એ સાબિત થતું આવ્યું છે કે, જે કામ શ્રેય મેળવવાની ક્ષુદ્ર ઈચ્છાથી થાય છે તે ક્ષણિક હોય છે; પરંતુ જે કામ શ્રેયની ચિંતા વગર માત્ર નિષ્ઠા અને શ્રેષ્ઠતાથી થાય છે, તેનો આખરી 'નિષ્કર્ષ' જ દુનિયાને અવાક કરી દે છે.

'શ્રેય મળે કે ન મળે, આપનું શ્રેષ્ઠ આપવાનું ક્યારેય ન છોડશો... કારણ કે જે નિષ્કર્ષ કર્મ આપે છે, તે જ સર્વશ્રેષ્ઠ કહેવાય છે!!'

### 'ક્રેડિટ'ની ભૂખ: આજના માણસની સૌથી મોટી નબળાઈ

આજના ભાગદોડભર્યા જીવનમાં માણસ કોઈ પણ કાર્ય કરતી વખતે આ ત્રણ ઘાતક પ્રશ્નો પૂછવા લાગ્યો છે:

'આમાં મને શું મળશે?'




'મારા કામની નોંધ કોણ લેશે?'

'જો મને વાહવાહ નહીં મળે, તો હું મહેનત શા માટે કરું?'

જ્યારે કામ કરવાનો મુખ્ય હેતુ માત્ર 'પ્રશંસા' કે 'શ્રેય' બની જાય છે, ત્યારે કામની અંદરથી તેની આત્મા (ગુણવત્તા) ગાયબ થઈ જાય છે. લોકો માત્ર બતાવવા પૂરતું કામ કરે છે. પરંતુ યાદ રાખો, માનવ-નિર્જીવ પ્રશંસા ક્ષણભંગુર છે. આજે જે લોકો તમારા કામ પર તાળીઓ પાડે છે, તે જ લોકો કાલે તમને ભૂલી જશે. તેથી, જો તમારો સંતોષ બીજાની પ્રશંસા પર આધારિત હશે, તો તમે ક્યારેય આંતરિક શાંતિ કે સાચી સફળતા મેળવી શકશો નહીં.

### નિષ્કામ કર્મનો મહાન સિદ્ધાંત: કુદરતના ઉદાહરણોમાંથી શીખો

આપણી સૃષ્ટિનો કણ-કણ આપણને શ્રેય વગર સતત શ્રેષ્ઠ આપવાનો જ સંદેશ આપે છે:

સૂર્યનું તેજ: સૂર્ય દરરોજ સવારે ઉગે છે અને સમગ્ર પૃથ્વીને અજવાળે છે. તે ક્યારેય માનવજાત પાસેથી ઈનામ કે વાહવાહની અપેક્ષા રાખતો નથી. તેનું કામ આપવાનું છે, અને એ જ તેની અવિચલ મહાનતા છે.

વૃક્ષોની છાંયડો: વૃક્ષ પોતાને બાળીને પણ માર્ગીઓને છાંયડો અને ફળ આપે છે. વૃક્ષ ક્યારેય ગણાવતું નથી કે તેણે કેટલા લોકોને આશરો આપ્યો.

નદીઓનું વહેણ: નદીઓ સતત વહેતી રહીને પૃથ્વીને લીલીછમ રાખે છે, પરંતુ તે ક્યારેય પોતાના જળના વપરાશનો હિસાબ માંગતી નથી.

જ્યારે તમે આ કુદરતી ન્યાયને સમજી લો છો, ત્યારે તમે 'મેં આ કર્યું'ના અહંકારમાંથી મુક્ત થઈ જાઓ છો. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે પણ અર્જુનને આ જ બોધ આપ્યો હતો: 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' - એટલે કે તારો અધિકાર માત્ર કર્મ કરવા પર છે, તેના શ્રેય કે ફળ પર નહીં.

### પરિણામ (નિષ્કર્ષ) જ તમારો સૌથી મોટો વકીલ છે

ઘણીવાર એવું બને છે કે તમે રાત-દિવસ એક કરીને મહેનત કરી હોય, પરંતુ તેનો બધો જ જશ કે શ્રેય કોઈ બીજો વ્યક્તિ લઈ જાય. આવા સમયે નિરાશ થવું કે હારી જવું સ્વાભાવિક છે. પરંતુ અહીં જ તમારી ધીરજ અને તમારા કામ પ્રત્યેના સમર્પણની ખરી પરીક્ષા થાય છે.

૧. કર્મ ક્યારેય એળે જતું નથી: તમારી સાચી મહેનત અને ક્ષમતા એક ભેજવાળા કાગળ પર લખાયેલા અક્ષર નથી કે ભૂંસાઈ જાય. કર્મ એક એવું બીજ છે જે યોગ્ય સમય આવતાં ઘટાદાર વડવૃક્ષ બને જ છે.

૨. નિષ્કર્ષનો અવાજ મોટો હોય છે: જ્યારે તમે શ્રેયની ચિંતા કર્યા વગર સતત તમારું 100% આપો છો, ત્યારે તમારું કામ જ એટલું મજબૂત બની જાય છે કે પરિણામ પોતે જ મોટેથી બોલે છે. જે લોકો શરૂઆતમાં તમારો જશ છીનવી ગયા હતા, તે પણ તમારા નિષ્કર્ષ સામે ઝૂકી જવા મજબૂર બને છે.

૪. સફળતા અને શ્રેષ્ઠતા વચ્ચેનો તફાવત

દુનિયા જેને 'સફળતા' કહે છે, તે ઘણીવાર નસીબ, ચાલાકી કે સંજોગોનું પરિણામ હોઈ શકે છે. પરંતુ 'શ્રેષ્ઠતા' (Excellence) એ માત્ર અને માત્ર સતત પ્રયત્ન અને ઈમાનદારીનું પરિણામ હોય છે.

સફળ વ્યક્તિ કદાચ બીજાના શ્રેય પર આગળ વધી શકે, પણ શ્રેષ્ઠ વ્યક્તિ પોતાની મહેનતથી જ ઓળખ ઊભી કરે છે.

જો તમે માત્ર 'શ્રેય' પાછળ દોડશો, તો તમે સરેરાશ રહી જશો. પરંતુ જો તમે 'શ્રેષ્ઠતા' પાછળ દોડશો, તો શ્રેય અને ક્રેડિટ તમારી પાછળ લાઈન લગાવીને ઊભા રહેશે.

પાક્કો ગુજરાતનો આખરી સંદેશ: કર્મ યોગી બનો!

જીવનની આ અટપટી યાત્રામાં ક્યારેય બીજાના પ્રમાણપત્ર કે પ્રશંસાના મોહતાજ ન બનશો.

જો તમે શિક્ષક છો, તો શ્રેયની ચિંતા વગર વિદ્યાર્થીના ભવિષ્યને ઘડો.

જો તમે સરકારી કર્મચારી કે અધિકારી છો, તો કમિશન કે નામ વગર પ્રજાની સેવા કરો. જો તમે વિદ્યાર્થી કે યુવાન છો, તો પરિણામની ચિંતા કર્યા વગર અભ્યાસ અને કૌશલ્યમાં જીવ રેડી દો. તમારી મહેનત, તમારું સમર્પણ અને તમારું શ્રેષ્ઠ પ્રદર્શન જ તમારી સાચી ઓળખ છે. લોકો ભલે આજે તમારી નોંધ ન લે, પરંતુ એક દિવસ તમારું નિષ્કર્ષ જ સર્વશ્રેષ્ઠ સાબિત થશે અને ઈતિહાસના પાના પર તમારું નામ સુવર્ણ અક્ષરે લખાશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# શ્રી કૃષ્ણ માત્ર કોઈ વ્યક્તિ કે પાત્ર નથી કે જેને આપણે શોધીએ, કૃષ્ણ તો એ ચેતના છે જેને આપણે આપણા પોતાના હૃદયમાં અનુભવવાની હોય છે

બહારની શોધ અને ભીતરનો ભાસ

અંતહીન દોડધામ, સોશિયલ મીડિયાની ઝાકઝમાળ અને ભૌતિક સુખોની પાછળ આંધળી દોડ લગાવતા આજના સમાજમાં માણસ સતત કંઈક ખૂટતું હોય એવો અનુભવ કરે છે. આપણે શાંતિ, પ્રેમ અને ઈશ્વરને મંદિરના પત્થરોમાં, તીર્થધામોની યાત્રાઓમાં કે બહારની દુનિયામાં શોધવાનો પ્રયત્ન કરીએ છીએ. પરંતુ સાચો સત્ય એ છે કે કૃષ્ણ એ કોઈ સ્થૂળ શરીર કે ઐતિહાસિક પાત્ર માત્ર નથી, કૃષ્ણ એ તો સચ્ચિદાનંદમય 'ચેતના' છે.

જ્યારે માણસ પોતાના અહંકારને ઓગાળીને પોતાના હૃદયના ઊંડાણમાં ડોકિયું કરે છે, ત્યારે તેને અનુભવાય છે કે કૃષ્ણ ક્યાંય દૂર નથી, પણ તેની પોતાની અંદર વહેતા સાચા ભાવ અને ચેતનામાં જ બિરાજમાન છે.



આજના યુગમાં

'કૃષ્ણ-ચેતના'ને કેવી રીતે જીવવી?

આજના સમયમાં કૃષ્ણ-ભાવને હૃદયમાં જગાડવાનો અર્થ કોઈ સંન્યાસ લેવો કે સંસાર છોડી દેવો નથી. તેનો વાસ્તવિક અર્થ સમાજમાં એક સજાગ અને સકારાત્મક નાગરિક બનવું છે.

આજના યુગમાં ઘણીવાર લોકો સમસ્યાઓ કે જવાબદારીઓથી ભાગવાનો પ્રયત્ન કરે છે. કૃષ્ણ-ચેતના આપણને શીખવે છે કે પરિસ્થિતિ ગમે તેટલી વિષમ હોય, પોતાના કર્તવ્યમાંથી ભાગવું એ કાયરતા છે. પોતાના વ્યવસાય, પરિબળ કે પરિવાર પ્રત્યે સંપૂર્ણ નિષ્ઠા દાખવવી એ જ સાચી કૃષ્ણ પૂજા છે.

આજના આધુનિક સંબંધોમાં અપેક્ષાઓ અને લેવડ-દેવડ વધી ગઈ છે. રાધા-કૃષ્ણનો પ્રેમ આપણને શીખવે છે કે પ્રેમ એ માલિકી હક્ક સ્થાપિત કરવાનો વિષય નથી, પણ સામાજિક કે આત્મિક સ્તરે એકબીજાને સમર્પિત થવાની ભાવાત્મક ઊંચાઈ છે.

શ્રીકૃષ્ણનું આખું જીવન સંઘર્ષોથી ભરેલું હતું જેલમાંથી જન્મ, બાળપણમાં રાક્ષસોનો સામનો, મથુરા છોડવું અને કુરુક્ષેત્રનું યુદ્ધ. છતાં, તેમના મુખ પરથી મનોહર સ્મિત ક્યારેય ગાયબ ન થયું. સમાજ માટે સંદેશ એ છે કે સંજોગો ભલે વિપરીત હોય, મનની શાંતિ અને હાસ્ય ગુમાવવું જોઈએ નહીં.

કલ્પના કરો કે એક ડૉક્ટર, એક શિક્ષક કે એક સામાન્ય સફાઈ કર્મચારી પોતાના કામને માત્ર પૈસા કમાવવાનું સાધન ન માનતા, તેને 'જગતના કલ્યાણ માટેનું માધ્યમ' માને છે. જ્યારે ડૉક્ટર દર્દીમાં રહેલી પીડાને પોતાની સમજીને તેનો ઈલાજ કરે છે, ત્યારે તે ડૉક્ટરના હૃદયમાં 'કૃષ્ણ-ચેતના' કાર્યરત હોય છે. કૃષ્ણ એટલે અલગથી કોઈ ચમત્કાર કરવો નહીં, પણ પોતાના રોજિંદા વ્યવહારમાં કરુણા, પ્રેમ અને ન્યાયનો ચમત્કાર પ્રગટ કરવો.

જ્યાં સુધી મનમાં ઈર્ષ્યા, અહંકાર અને સ્વાર્થ છે, ત્યાં સુધી કૃષ્ણ માત્ર વાર્તા છે. પણ જ્યારે હૃદયમાં પ્રેમ, કરુણા અને સમર્પણ જાગે, ત્યારે જ કૃષ્ણનો સાચો અવતાર છે.

મંદિરમાં રહેલી મૂર્તિ આપણને ઈશ્વરની યાદ અપાવે છે, પરંતુ આપણા હૃદયમાં રહેલી ચેતના આપણને ઈશ્વર હોવાનો અહેસાસ કરાવે છે. કુરુક્ષેત્ર માત્ર બહાર નથી, રોજેરોજ આપણા મનમાં સદગુણો અને દુર્ગુણો વચ્ચે યુદ્ધ ચાલે છે અને આ યુદ્ધમાં વિવેકરૂપી કૃષ્ણનો સાથ લેવો એ જ વિજયનો માર્ગ છે.

જો આપણે સમાજને વધુ સુંદર, પ્રેમાળ અને ન્યાયી બનાવવો હોય, તો આપણે કૃષ્ણને માત્ર પૂજાઘરમાં રાખવાના બદલે આપણા વિચારો અને આચરણમાં લાવવા પડશે. જ્યારે આપણે દરેક મનુષ્યમાં, દરેક જીવમાં એ જ એક ચૈતન્યનો અનુભવ કરીશું, ત્યારે જ આ પૃથ્વી પર સાચા અર્થમાં 'કૃષ્ણ રાજ્ય' અને માનવતાનું કલ્યાણ શક્ય બનશે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# સંજોગો અને પરિસ્થિતિનું ચક્રવ્યૂહ: માનવ મનની આંતરિક સંઘર્ષગાથા

માનવ જીવન એ સુખ-દુ:ખ, આશા-નિરાશા અને વળાંકોથી ભરેલી એક અવિરત સફર છે. આ સફરમાં માણસ ગમે તેટલો સક્ષમ કે બુદ્ધિશાળી કેમ ન હોય, પરંતુ ક્યારેક જીવનમાં એવા વળાંક આવે છે જ્યાં તે સંજોગો અને પરિસ્થિતિના ચક્રવ્યૂહમાં અટવાઈ જાય છે. ઘણીવાર આપણી ઈચ્છાઓ અને આયોજનો એક તરફ રહી જાય છે અને કાળચક્ર આપણને એક અલગ જ દિશામાં ખેંચી જાય છે. આ જ જિંદગીની સૌથી મોટી વાસ્તવિકતા છે કે આપણે ભલે ગમે તેટલા ભવિષ્યના સપનાઓ વણીએ, પણ આખરે આપણે સંજોગો અને સમયના હાથનું રમકડું બનીને રહી જઈએ છીએ.



જ્યારે વિપરીત સંજોગો સામે આવીને ઊભા રહે છે, ત્યારે માણસ માત્ર બહારથી જ નહીં પણ અંદરથી પણ સાવ એકલો પડી જાય છે. સંબંધોની ભરચક દુનિયાની વચ્ચે પણ એકાંતનો અહેસાસ થવો, એ પણ એક કપરી પરિસ્થિતિનું જ પરિણામ છે. ભૂતકાળના વહેણ કે અંગત જીવનમાં આવેલા કોઈ ભૂકંપને કારણે ઊભી થયેલી શૂન્યતા માણસને અંદરથી કોતરી ખાતી હોય છે. ઉપરથી જોતાં બધું સામાન્ય અને શાંત લાગે, પરંતુ હૃદયની ભીતર એક અવિરત આંસુઓનું પૂર વહેતું હોય છે. આવા સમયે, ચહેરા પર ખોટું હાસ્ય લઈને દુનિયા સમક્ષ ફરવું અને અંદરની વેદનાને છુપાવવી એ જિંદગીનો સૌથી કઠિન સંઘર્ષ બની જાય છે.

સ્થિતિ ત્યારે વધુ નાજુક બને છે જ્યારે પ્રતિકૂળ સંજોગોની સાથે શારીરિક વ્યાધિઓ પણ ઘેરી લે છે. રોજિંદી દવાઓના સહારે જિંદગીના દિવસો વિતાવીને ભવિષ્યની ચિંતામાં ડૂબેલા રહેવું એ માનસિક રીતે માણસને તોડી નાખે છે. કાળના ક્રૂર નિયમ મુજબ જ્યારે આપણી સૌથી નજીકના સ્વજનો, જેમની ઓથ નીચે આપણે શ્વાસ લઈએ છીએ, તેઓ આપણો સાથ છોડી દે છે, ત્યારે આવનારી જિંદગીનો અંધકાર વધુ બિહામણો લાગે છે. જિંદગીના અંતિમ પડાવ પર જ્યારે કોઈ આપણી માંદગીમાં માથે હાથ ફેરવવા વાળું કે પાણીનો પ્યાલો આપવા વાળું નહીં હોય, એ વિચારે જ હૃદય ધ્રુજી ઊઠે છે. ભવિષ્યની આ અસહાયતા વર્તમાનના સંજોગોને વધુ પીડાદાયક બનાવે છે. ન્યૂઝ પેપરના વાચકો સમક્ષ આ ચિંતન રજૂ કરતા એ સત્ય સ્વીકારવું રહ્યું કે, સંજોગો ગમે તેટલા કઠિન કેમ ન હોય, પરંતુ તે જ આપણને જીવનનો સાચો પાઠ શીખવે છે. આસપાસ ભલે ગમે તેટલી સાહ્યબી કે સમૃદ્ધિ હોય, પણ આંતરિક શાંતિ તો માત્ર આપણી માનસિક મજબૂતી અને સ્વીકારભાવથી જ મળે છે. સમય ક્યારેય એકસરખો રહેતો નથી; જો સુખના દિવસો વીતી ગયા હોય તો દુ:ખની આ કાળી રાત પણ એક દિવસ ચોક્કસ આથમશે. અત્યારે તો બસ, ઈશ્વરીય ન્યાય પર ભરોસો રાખીને આવનારા કપરા સમય સામે લડવાની શક્તિ મેળવવી એ જ એકમાત્ર માર્ગ છે.

# E20 ઈંધણ મુદ્દે કેન્દ્ર સરકાર અને નીતિન ગડકરી સામે વિપક્ષનો હોબાળો: "હિતોના સંઘર્ષ" અને "E20 રોલબેક"ની માંગ સાથે આક્રમક પ્રહારો

નવી દિલ્હી / અમદાવાદ:

દેશભરમાં E20 (20% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલ નીતિને લઈને વિરોધનો અગ્નિ વધુ ભડક્યો છે. વિપક્ષ અને વિવિધ સંસ્થાઓ દ્વારા કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી તેમજ કેન્દ્ર સરકાર સામે અત્યાર સુધીના સૌથી તીખા અને ઘાતક પ્રહારો કરવામાં આવી રહ્યા છે. આ નીતિ પાછળ દેશના કરોડો વાહનચાલકોના હિતોના બદલે ચોક્કસ ઈથેનોલ ઉત્પાદક કંપનીઓને ફાયદો પહોંચાડવાનો ગંભીર આક્ષેપ લગાવવામાં આવી રહ્યો છે. 'હિતોના સંઘર્ષ'ના ગંભીર આક્ષેપો અને વિપક્ષનો હુમલો વિપક્ષી નેતાઓ અને આંદોલનકારીઓ આક્ષેપ કરી રહ્યા છે કે, ઈથેનોલ મિશ્રણ નીતિનો સૌથી મોટો આર્થિક લાભ નીતિન ગડકરીના પરિવાર સાથે સંકળાયેલી 'સિયાન એગ્રો કેમિકલ્સ લિમિટેડ' (CIAN Agro) જેવી કંપનીઓને પહોંચાડવામાં આવી રહ્યો છે. વિપક્ષે દાવો કર્યો છે કે, સામાન્ય જનતાના વાહનોના એન્જિન બગાડીને ચોક્કસ લોકોને સમૃદ્ધ બનાવવાનો આ ખેલ ચાલી રહ્યો છે. આ મુદ્દે ગડકરીના રાજીનામાની માગણી સાથે એવા પણ આકરા પ્રહારો કરાયા છે કે આ વિવાદ ભાજપ માટે રાજકીય રીતે ભારે પડવાનો છે. ૮૦%થી વધુ વાહનો માટે ખતરો: 'E20 રોલબેક' ઝુંબેશ તેજ દેશમાં દોડતા અંદાજે ૩૦ થી ૩૫ કરોડ ટુ-વ્હીલર અને ૭ થી ૯ કરોડ ફોર-વ્હીલર વાહનોમાંથી મોટાભાગના વાહનો જૂના (BS-4 અને જૂના BS-6) મોડલના છે, જે E20 પેટ્રોલ માટે ટેકનિકલી રીતે સુસંગત (E20 Compliant) નથી. એન્જિનને નુકસાન: જૂના વાહનોમાં E20 પેટ્રોલના સતત ઉપયોગથી ફ્યુઅલ પાઈપ, પંપ અને એન્જિનમાં કાટ લાગવાની તેમજ એન્જિન સીઝ થઈ જવાની ફરિયાદો વધી છે.



એવરેજમાં ઘટાડો: વાહનોની માઈલેજ ઘટતા સામાન્ય વાહનચાલકો પર આર્થિક બોજ વધ્યો છે.

જનઆંદોલન: આ સ્થિતિને કારણે સોશિયલ મીડિયાથી લઈને રસ્તાઓ સુધી 'E20 રોલબેક' (E20 નીતિ પાછી ખેંચો) ની માગણી સાથે દેશવ્યાપી આંદોલન શરૂ થઈ ચૂક્યું છે.

સરકાર અને નીતિન ગડકરીનો સ્પષ્ટ ઈનકાર

બીજી તરફ, કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ તમામ આક્ષેપોને પાયાવિહોણા અને રાજકીય રીતે પ્રેરિત ગણાવ્યા છે. ગડકરીએ સ્પષ્ટતા કરી છે કે: E20 અને ઈથેનોલ નીતિ પેટ્રોલિયમ મંત્રાલય હેઠળ આવે છે, તેમાં તેમના પરિવહન મંત્રાલયની કોઈ સીધી વહીવટી ભૂમિકા નથી. તેમના પુત્રની કંપની દેશના કુલ ઈથેનોલ ઉત્પાદનમાં ૧% કરતાં પણ ઓછો હિસ્સો ધરાવે છે. ઈથેનોલ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય દેશનું કરોડો રૂપિયાનું ક્રૂડ ઓઈલ આયાત બિલ ઘટાડવાનો, પ્રદૂષણ રોકવાનો અને દેશના ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાનો છે.

સરકારના આ દાવાઓ છતાં, ગ્રાહકોમાં વ્યાપેલા અસંતોષ અને વિપક્ષી નેતા રાહુલ ગાંધી તરફ વધી રહેલા જનસમર્થનને જોતા રાજકીય પારો ભારે ગરમાયો છે. E20 ના આંતરિક વિરોધના કારણે વર્તમાન સરકાર સામે મોટો જનરોષ ઉભો થયો હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

# કડક શિસ્ત, સાહસ અને માનવતાનો સુમેળ: આઈપીએસ ડૉ. લીના પાટીલના નેતૃત્વ અને કાર્યશૈલી પર વિશેષ આલેખન

અમદાવાદ / ગાંધીનગર

ગુજરાત પોલીસ બેડામાં પોતાની અનોખી કાર્યશૈલી, વિઝન અને નિષ્ઠા માટે એક ખાસ ઓળખ ધરાવતા વરિષ્ઠ આઈપીએસ અધિકારી ડૉ. લીના પાટીલ (IPS) આજના યુવાનો, ખાસ કરીને મહિલાઓ માટે પ્રેરણાનું મૂર્તિમંત પ્રતીક છે. કાયદાનું કડક પાલન કરાવવાની સાથે પ્રજા સાથે સંબંધો મજબૂત બનાવીને ગુનાખોરી ડામવી–આ બેવડી કળા તેમણે પોતાના સમગ્ર કાર્યકાળ દરમિયાન સાબિત કરી બતાવી છે.

તબીબથી આઈપીએસ સુધીની પ્રેરણાદાયી સફર

ડૉ. લીના પાટીલનું વ્યક્તિત્વ માત્ર એક કડક પોલીસ અધિકારી પૂરતું સીમિત નથી.



શિક્ષણ અને વિઝન: મૂળ તબીબી પૃષ્ઠભૂમિ (Doctorate) ધરાવતા હોવાથી તેમની વિચારસરણી અત્યંત વિશ્લેષણાત્મક અને વ્યવહારુ રહી છે. એક તબીબ તરીકે સમાજની નસ પારખવાની તેમની કળા જ તેમને એક સફળ પોલીસ અધિકારી બનાવવામાં મદદરૂપ નીવડી છે.

યુવાનો માટે પ્રેરણા: સંઘર્ષ અને સખત મહેનતના બળે સિવિલ સર્વિસીસની પરીક્ષા પાસ કરીને આઈપીએસ બનવાની તેમની આ સફર આજે પણ લાખો સ્પર્ધાત્મક પરીક્ષાના પરીક્ષાર્થીઓ માટે એક દ્રષ્ટાંત સમી છે.

ગુનાખોરી સામે 'ઝીરો ટોલરન્સ' અને વહીવટી કુશળતા

પોલીસ વિભાગમાં વિવિધ હોદ્દાઓ અને જિલ્લાઓમાં જિલ્લા પોલીસ વડા (SP) તરીકે ફરજ બજાવતી વખતે તેમણે અનેક પડકારોનો સામનો કર્યો છે.

અસામાજિક તત્વો સામે લાલ આંખ: લુખ્ખાગીરી, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ, જુગાર ધામો અને ડ્રગ્સ નેટવર્ક સામે તેમણે સપાટો બોલાવીને અનેક હાઈપ્રોફાઈલ કેસોનો ઉકેલ લાવ્યો છે.

મહિલા સુરક્ષા અને બાળ સંરક્ષણ: મહિલાઓની સુરક્ષા, શી ટીમ (SHE Team) ની કામગીરીને વેગ આપવો અને નાહકના ગુનાઓ આચરનારા તત્વો સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં તેઓ હંમેશાં અગ્રેસર રહ્યા છે.

'જન-પોલીસ' કનેક્ટ: ભય નહીં, પણ વિશ્વાસનું વાતાવરણ

સામાન્ય રીતે પોલીસ સ્ટેશન જતાં સામાન્ય નાગરિકો અચકાતા હોય છે, પરંતુ ડૉ. લીના પાટીલે પોતાના નેતૃત્વ હેઠળ હંમેશાં એવો પ્રયાસ કર્યો છે કે સામાન્ય માણસ પોતાની ફરિયાદ લઈને નિ:સંકોચ આવી શકે.

પ્રજાભિમુખ અભિગમ: તેમની કાર્યશૈલીની સૌથી મોટી ખાસિયત એ છે કે તેઓ અસામાજિક તત્વો માટે કડક અને ભયાનક છે, પરંતુ કાયદાનું પાલન કરતા સામાન્ય નાગરિકો અને પીડિતો માટે અત્યંત સંવેદનશીલ અને મદદગાર છે.

રમતગમત અને સામાજિક પ્રવૃત્તિઓ: પોલીસ દળના જવાનોનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સચવાય તે માટે ખેલ મહાકુંભ, ફિટનેસ પ્રોગ્રામ્સ અને સામાજિક જાગૃતિના કાર્યક્રમોને તેઓ હંમેશાં પ્રોત્સાહન આપતાં રહ્યા છે.

પાક્કો ગુજરાતનો સલામ

સાહસ, શિસ્ત, પ્રામાણિકતા અને જનસેવાની ભાવનાથી પોલીસ વિભાગનું ગૌરવ વધારનાર આઈપીએસ ડૉ. લીના પાટીલ જેવા અધિકારીઓ સિસ્ટમ પર જનતાનો વિશ્વાસ વધુ મજબૂત બનાવે છે.

તેમના આ સમર્પણ, સાહસિક નિર્ણયો અને નિષ્ઠાપૂર્વકની સેવાની સરાહના કરતાં પાક્કો ગુજરાત ન્યૂઝ તેમને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ્ય અને ઉત્તરોત્તર સફળતાની મંગલકામનાઓ પાઠવે છે.

# E20 પેટ્રોલ મુદ્દે આરપારના મૂડમાં કેજરીવાલ

## 2.33 લાખ નાગરિકોની પિટિશન સાથે પીએમ આવાસ તરફ કૂચ કરવાની જાહેરાત

દેશભરમાં E20 (20% ઈથેનોલ મિશ્રિત) પેટ્રોલને લઈને વિરોધનો સૂર વધુ તીવ્ર બની રહ્યો છે. આમ આદમી પાર્ટી (AAP) ના રાષ્ટ્રીય સંયોજક અર્વિંદ કેજરીવાલે દેશભરના વાહનચાલકોની મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે મોરચો માંડ્યો છે. કેજરીવાલે જાહેરાત કરી છે કે તેઓ E20 પેટ્રોલના વિરોધમાં એકત્ર થયેલી 2,33,238 થી વધુ ઓનલાઈન પિટિશનની પ્રિન્ટઆઉટ લઈને રૂબરૂ રજૂઆત કરવા માટે વડાપ્રધાનના નિવાસસ્થાને જશે.

ઓનલાઈન અભિયાનને મળ્યો જંગી જનસહયોગ

અર્વિંદ કેજરીવાલે થોડા દિવસો પહેલા E20 ઈંધણના ઉપયોગથી વાહનોના એન્જિનમાં આવતી ખરાબી, એવરેજ (માઈલેજ) ઘટી જવી અને ગ્રાહકોને થતા આર્થિક નુકસાન અંગે વડાપ્રધાન મોદીને એક પત્ર લખ્યો હતો. આ સાથે જ દેશના નાગરિકોનો અવાજ વડાપ્રધાન સુધી પહોંચાડવા તેમણે એક ઓનલાઈન પિટિશન ઝુંબેશ શરૂ કરી હતી. ટૂંક સમયમાં જ સમગ્ર દેશમાંથી 2.33 લાખથી વધુ લોકોએ આ પિટિશન પર સહી કરીને E20 ની નીતિ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો છે.

કેજરીવાલની પીએમ આવાસ તરફ કૂચ અને પડકાર

દિલ્હી ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં અર્વિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન કાર્યાલય તરફથી અગાઉ લખેલા પત્રનો કોઈ ઉત્તર ન મળતા હવે તેઓ પોતે જનતાનો અવાજ લઈને પીએમ આવાસ પહોંચશે. તેમણે કહ્યું કે, 'હું 100 લોકોના પ્રતિનિધિમંડળ સાથે વડાપ્રધાન આવાસ તરફ શાંતિપૂર્ણ રીતે કૂચ કરીશ અને જનતાની સહી કરેલી પિટિશન પીએમને સોંપીશ. જો E20 ઈંધણ સુરક્ષિત જ હોય તો સરકાર આ મુદ્દે સામસામે બેસીને ચર્ચા કરવાથી કેમ ભાગી રહી છે?'

આમ આદમી પાર્ટીની મુખ્ય ૩ માંગણીઓ:

1. શુદ્ધ પેટ્રોલનો વિકલ્પ: દરેક પેટ્રોલ પંપ પર શુદ્ધ (Pure Petrol) અને E20 બંને પ્રકારના પેટ્રોલ ઉપલબ્ધ હોવા જોઈએ, જેથી વાહનચાલક પોતાની પસંદગી મુજબ પેટ્રોલ પુરાવી શકે.

2. કિંમતમાં ઘટાડો: E20 અસલમાં સસ્તું પડે છે અને તેની માઈલેજ ઓછી મળે છે, તેથી E20 પેટ્રોલની કિંમત શુદ્ધ પેટ્રોલ કરતા ઓછી હોવી જોઈએ.

3. પેટ્રોલના ભાવમાં રાહત: દેશભરમાં પેટ્રોલનો ભાવ રૂ. 84 પ્રતિ લિટરથી ઓછો કરવામાં આવે.

જનતાને વાહનો ન ખરીદવા અપીલ

કેજરીવાલે નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, 'જ્યાં સુધી દેશમાં E100 સંગત (E100 compatible) વાહનોનું ઉત્પાદન શરૂ ન થાય, ત્યાં સુધી લોકો નવા પેટ્રોલ વાહનો ખરીદવાનું ટાળે, નહીંતર એન્જિન ખરાબ થવાથી ગ્રાહકોને મોટું નુકસાન વેઠવું પડશે'.

કેજરીવાલના આ આક્રમક વલણથી દેશના રાજકારણમાં અને પેટ્રોલિયમ ક્ષેત્રે ગરમાવો આવી ગયો છે, ત્યારે હવે વડાપ્રધાન કાર્યાલય તરફથી આ અંગે શું પ્રતિક્રિયા આપવામાં આવે છે તેના પર સમગ્ર દેશની નજર મંડાયેલી છે.




પાક્કો ગુજરાત
મંગળવાર | 04 ઓગસ્ટ 2026 | અમદાવાદ

# "ચોરના ભાઈને જ ઘંટી સોંપી" દાંતા-હડાદ તાલુકાની આંગણવાડીઓના THR વિતરણમાં ભ્રષ્ટાચારનો આક્ષેપ

## કૌભાંડ છુપાવવા પત્રકારોને ખરીદવા પૈસાની ઓફરો અનેક લોકો જોડે ભલામણો ખોટાં કેસ કરવાની ધમકી આવાં માથાભારે અપહરણ કરી જેલમાં રહી ચુક્યા છે

**આંગણવાડી દ્વારા અપાતુ ટેકેક હોમ રેશન (THR)**

| ક્રમ | લાભાર્થી | THR નો પ્રકાર વિશિષ્ટ પેકેટ | આપવામાં આવતા પેકેટ/ રાશનની સંખ્યા અને વજન |
|---|---|---|---|
| ૧ | ૬ માસ થી ૩ વર્ષના સામાન્ય બાળકો | બાલ શક્તિ | ૭ પેકેટ (૧ પેકેટનું વજન ૧૦૦ ગ્રામ) |
| ૨ | ૬ માસથી ૩ વર્ષના અતિ કુપોષિત બાળકો | બાલ શક્તિ | ૧૦ પેકેટ (૧ પેકેટનું વજન ૧૦૦ ગ્રામ) |
| ૩ | ૩ વર્ષથી ૬ વર્ષના અતિ કુપોષિત બાળકો | બાલ શક્તિ | ૪ પેકેટ (૧ પેકેટનું વજન ૧૦૦ ગ્રામ) |
| ૪ | સગર્ભા માતા | માતૃ શક્તિ | ૪ પેકેટ (૧ પેકેટનું વજન ૧ કિગ્રો) |
| ૫ | ધાત્રી માતા | માતૃ શક્તિ | ૪ પેકેટ (૧ પેકેટનું વજન ૧ કિગ્રો) |
| ૬ | ૧૧ થી ૧૪ વર્ષની શાળાએ ન જતી કિશોરી | પુષ્ટી શક્તિ | ૪ પેકેટ (૧ પેકેટનું વજન ૧ કિગ્રો) |
| ૭ | ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી, ન જતી કિશોરી | પુષ્ટી શક્તિ | ૪ પેકેટ (૧ પેકેટનું વજન ૧ કિગ્રો) |

ગુજરાત સરકાર 'કુપોષણ મુક્ત ગુજરાત' અને 'બેટી બચાવો બેટી પઢાવો' ના મોટા દાવા કરે છે. કાગળ પર બાળકોના પોષણ માટે કરોડો રૂપિયાનો ખર્ચ પણ બતાવવામાં આવે છે. પરંતુ બનાસકાંઠા જિલ્લાના દાંતા અને હડાદ તાલુકાની આંગણવાડીઓમાં તેનાથી એકદમ ઉલટી તસવીર સામે આવી છે. 6 મહિનાથી 6 વર્ષના બાળકો, સગર્ભા-ધાત્રી માતાઓ અને 11 થી 18 વર્ષની કિશોરીઓ માટે સરકાર દ્વારા આપવામાં આવતા 'ટેક હોમ રેશન - THR' ના વિતરણમાં મોટા પાયે ગેરરીતિ, ભ્રષ્ટાચાર અને સેટિંગના ગંભીર આક્ષેપો થયા છે. નિયમ વિરુદ્ધ વાસ્તવિકતા : સરકારી નિયમ મુજબ દરેક લાભાર્થીને દર મહિને THR મળવું ફરજિયાત છે: 1. 6 મહિના થી 3 વર્ષના સામાન્ય બાળકો: 'બાલ શક્તિ' ના 7 પેકેટ, 2. 6 મહિનાથી 3 વર્ષના અતિ કુપોષિત બાળકો: 'બાલ શક્તિ' ના 10 પેકેટ, 3. 3 થી 6 વર્ષના અતિ કુપોષિત બાળકો: 'બાલ શક્તિ' ના 4 પેકેટ, 4. સગર્ભા અને ધાત્રી માતાઓ: 'માતૃ શક્તિ' ના 4 પેકેટ, 5. 11 થી 18 વર્ષની કિશોરીઓ: 'પૂર્ણ શક્તિ' ના 4 પેકેટ. પરંતુ સ્થાનિક લોકો અને વાલીઓના આક્ષેપ મુજબ દાંતા-હડાદ તાલુકાની મોટાભાગની, ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોની આંગણવાડીઓમાં છેલ્લા ઘણા વર્ષોથી આ રાશન બાળકો સુધી પહોંચતું જ નથી. કાગળ પર તો 100% વિતરણ બતાવાય છે, પરંતુ વાસ્તવમાં લાભાર્થીઓને અડધા પેકેટ પણ મળતા નથી. 'ચોરના ભાઈને જ ઘંટી સોંપી' : સૌથી આઘાતજનક બાબત એ છે કે થોડા સમય અગાઉ આંગણવાડીનો જથ્થો બારોબાર વેચતા અંધારિયા, સતલાસણા નજીક એક વાહન પકડાયું હતું. તે સમયે તોડ કરવા આવેલા તે જ વ્યક્તિને હાલમાં THR ના વિતરણની જવાબદારી સોંપવામાં આવી છે. આને જ લોકો 'ચોરના ભાઈને જ ઘંટી સોંપી' કહે છે. સૌથી ગંભીર સવાલો તંત્રને: 1. ક્યાં ગયો જથ્થો અને ક્યાંથી આવી મિલકત? વર્ષોથી બાળકોના હકનું રાશન ન મળવા છતાં જવાબદાર અધિકારીઓએ તપાસ કેમ ન કરી? આ કૌભાંડમાંથી ટૂંક સમયમાં જ કેટલાક વિતરણ કરનારાઓ પાસે કરોડોની મિલકત ક્યાંથી આવી? તેની ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ. 2. અધિકારીઓ કેમ મૌન? CDPO થી લઈને DDO સુધી વારંવાર રજૂઆતો કરવા છતાં આંખ આડા કાન કેમ? મીડિયામાં સતત 8 દિવસ અહેવાલો છપાયા બાદ પણ જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં કેમ નથી લેવાયા? શું તંત્ર પણ આ કૌભાંડમાં સામેલ છે? 3. અચાનક જાગેલું તંત્ર: મીડિયાના અહેવાલ બાદ જ તંત્ર દોડતું થયું અને હવે મીડિયા પાસે આંગણવાડીના નામ માંગવામાં આવી રહ્યા છે. આટલો સમય કોના સેટિંગના કારણે આંખ આડા કાન રાખવામાં આવ્યા?

બાળકોના મોઢામાંથી કોળિયો છીનવી લેવાના આ માનવતા વિરોધી કૃત્યની તાત્કાલિક CBI/ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવે. દોષિત અધિકારીઓ અને વિતરણ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે. જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી શંકાસ્પદ વિતરકોને તાત્કાલિક વિતરણની કામગીરીમાંથી દૂર કરવામાં આવે.

### ધારાસભ્ય વી.ડી. ઝાલાની ત્વરિત કામગીરીથી વાહનચાલકોને મોટી રાહત

# હાથમતી ઓવરબ્રિજ પર સ્વિમિંગ પૂલ જેવી સ્થિતિનો અંત



હિંમતનગર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-બાયપાસ રોડ પર આવેલા અને ચોમાસામાં વાહનચાલકો માટે માથાનો દુખાવો બનતા હાથમતી ઓવરબ્રિજ પર ભરાતા વરસાદી પાણીની ગંભીર સમસ્યાનો આખરે અંત આવ્યો છે. મોતીપુરાથી ઇડર અને વિજાપુર બાયપાસ રોડ પર રેલવે ગરનાળા પાસે આવેલા આ ઓવરબ્રિજ પર RTO અને મોતીપુરા તરફથી આવતું પાણી એકઠું થતાં આખો બ્રિજ 'સ્વિમિંગ પૂલ'માં ફેરવાઈ જતો હતો. સોશિયલ મીડિયા પર આના વીડિયો વાયરલ થતાં અને ટ્રાફિક જામની હાલાકી સર્જાતાં તંત્ર હરકતમાં આવ્યું હતું. સમસ્યાની ગંભીરતા સમજીને હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલાએ તાત્કાલિક સ્થળ મુલાકાત લીધી હતી. તેમણે સ્થળ પર જ કોન્ટ્રાક્ટર અને સંબંધિત અધિકારીઓની ક્લાસ લઈને પાણીના ઝડપી નિકાલ માટે તાકીદની સૂચનાઓ આપી હતી. ધારાસભ્યની આકરી સૂચના બાદ, RTO થી મોતીપુરા અને મોતીપુરા થી RTO તરફના બંને માર્ગો પર પેરાફીટમાં ૫ જગ્યાએ હોલ પાડીને કુલ ૨૦ પાઈપો (દરેક બાજુ ૧૦ પાઈપો) લગાવી દેવામાં આવી છે. આ નવી વ્યવસ્થાના કારણે બ્રિજ પર પાણી ભરાવાની સમસ્યા ભૂતકાળ બની ગઈ છે. અગાઉની નિકાલ પ્રણાલીને પણ વધુ મજબૂત કરવામાં આવી રહી છે જેથી ભવિષ્યમાં આવી સમસ્યા ફરી ન સર્જાય. સાબરકાંઠા જિલ્લામાં ચોમાસાની શરૂઆતથી અત્યાર સુધીમાં સરેરાશ ૧૪ ઇંચ (૩૯.૫૩%) વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

### CEIR પોર્ટલ અને આઈટી એક્સપર્ટ જાબીરભાઈ ભાભોરની ટેકનિકલ કામગીરીથી 1.48 લાખથી વધુના મોબાઈલ રિકવર

# 'તેરા તુજકો અર્પણ' અભિયાન હેઠળ ઝાલોદ પોલીસે 9 ખોવાયેલા મોબાઇલ શોધી મૂળ માલિકોને પરત આપ્યા

ઝાલોદ, પંકજ પંડિત

ગુજરાત પોલીસના 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત ઝાલોદ પોલીસ સ્ટેશને વધુ એક પ્રશંસનીય કામગીરી કરી છે. CEIR (Central Equipment Identity Register) પોર્ટલ તથા આધુનિક ટેકનિકલ સર્વેલન્સના ઉપયોગથી ઝાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયેલા, ગુમ થયેલા અને ખોવાયેલા કુલ 9 મોબાઈલ ફોન, જેની અંદાજિત કિંમત રૂ. 1,48,622 થાય છે, તે સફળતાપૂર્વક શોધી કાઢી તેમના મૂળ માલિકોને પરત સોંપવામાં આવ્યા હતા. આ કામગીરી પંચમહાલ રેન્જ, ગોધરાના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિધી ચૌધરી તથા દાહોદ જિલ્લાના પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહ જાડેજાના માર્ગદર્શન અને સૂચનાના અનુસંધાને હાથ ધરવામાં આવી હતી. તેમજ ઝાલોદ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી. આર. પટેલના માર્ગદર્શન હેઠળ ઝાલોદ પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા સતત ટેકનિકલ તપાસ ચલાવવામાં આવી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.જે. ગામીતના માર્ગદર્શન હેઠળ આઈટી એક્સપર્ટ જાબીરભાઈ ભાભોર તથા ઝાલોદ પોલીસ સ્ટેશનની ટેકનિકલ ટીમે CEIR પોર્ટલ પર ઉપલબ્ધ માહિતીનું સચોટ વિશ્લેષણ કરી આધુનિક ટેકનિકલ સોર્સના આધારે મોબાઈલ ફોનનું લોકેશન ટ્રેસ કર્યું હતું. સતત ટેકનિકલ વર્કઆઉટ અને મહેનતના પરિણામે કુલ 9 મોબાઈલ ફોન સફળતાપૂર્વક શોધી કાઢવામાં આવ્યા હતા. ત્યારબાદ 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અંતર્ગત મોબાઈલના મૂળ માલિકોને પોલીસ સ્ટેશન ખાતે બોલાવી જરૂરી ચકાસણી બાદ તેમના મોબાઈલ પરત સોંપવામાં આવ્યા હતા. પોતાનો ગુમ થયેલો મોબાઈલ પરત મળતા અરજદારોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ હતી અને તેમણે ઝાલોદ પોલીસ તથા ખાસ કરીને આઈટી એક્સપર્ટ જાબીરભાઈ ભાભોર સહિત સમગ્ર ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પૂ. મોરારીબાપુએ ગીરમાંથી પસાર થતી મીટરગેજ ટ્રેનમાં મુસાફરી કરી

વેળાવદર (તખુભાઈ સાંડસુર)

ભાવનગર ડિવિઝનમા જ નહીં કદાચ સમગ્ર સૌરાષ્ટ્રમાં પણ કહી શકાય એવી એક માત્ર મીટરગેજ ટ્રેન જુનાગઢ -વેરાવળ -દેલવાડા ચાલુ છે. આ ટ્રેન એટલે હેરિટેજ ટ્રેન તરીકે હવે ઓળખવી પડશે કે મીટરગેજ ટ્રેન તો ક્યાંય નથી પરંતુ ગીરના જંગલમાંથી પસાર થતી આ ટ્રેન પણ એક જ છે. તેમાં મુસાફરીની મજા માણવી એ પણ એક હેરિટેજ ઘટના બની જાય છે.



પૂ. મોરારિબાપુ 2જી ઓગસ્ટના રોજ સવારે જ્યોતિર્લિંગ પુ સોમનાથ ભગવાનના દર્શનાર્થે જઈ રહ્યા હતા. બાપુએ એકાએક નિર્ણય કર્યો કે આપણે બગસરાથી સોમનાથ તરફ જતા રસ્તામાં વિસાવદર અને તાલાળાની વચ્ચે પસાર થતી મીટર ગેજ ટ્રેનમાં બેસીને ગીરના જંગલના દ્રશ્યોને આંખમાં કેદ કરવા છે. બાપુ અને તેમની સાથે જોડાયેલા ફ્લાવર્સ વિસાવદર સ્ટેશને રવિવાર સવારે 9:00 વાગે પહોંચે છે અને 9- 15 કલાકે આવતી જુનાગઢ દેલવાડા ટ્રેનમાં તાલાળા સુધીની મુસાફરી શરૂ કરે છે. ગીરના જંગલમાંથી પસાર થઈ રહેલી આ ટ્રેનની મુસાફરી માણવા જેવી તો છે જ.

પરંતુ વિસાવદરના સ્ટેશનમાં ફૂલવડી અને ભજીયાનો સ્વાદ ચાખવા પણ લોકો જુનાગઢથી સ્પેશિયલ વિસાવદર આવે છે. જોકે બાપુ આ સ્વાદ લેવાનો નો સમય ન બચ્યો હોય પરંતુ સૌ કોઈએ તે અનુભવ પણ કરવા જેવો છે.

### માર્ગ મકાન પેટા વિભાગ ડભોઇના અધિકારીઓ તથા ઈજારદારનું મેળાપીપણું બહાર આવ્યું

# શિનોર તાલુકાના પુનિયાદ-આનંદી માર્ગ પર, આવેલા વળાંક પર માર્ગની સુરક્ષા માટે બનાવેલ આખી સંરક્ષણ દિવાલ પડી ગઇ

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના પુનિયાદ થી આનંદી જવાના રસ્તા ઉપર પુનિયાદ નજીક આવેલા વળાંક ઉપર રસ્તાની સુરક્ષા માટે માર્ગ મકાન વિભાગ ડભોઇ દ્વારા સંરક્ષણ દિવાલ બનાવવામાં આવી હતી.

ગયા વર્ષે પણ આ વળાંક પાસેનો રસ્તો તૂટી ગયો હતો, ખાડા ટેકરા બની ગયા હતા, છતાં પણ માર્ગ મકાન તંત્રની ઊંઘ ઉડી નહોતી. વરસાદના કારણે ગયા વર્ષે પણ નાળા ના ભુંગળા નીચે ધોવાણ થયું હતું. તેની તંત્રને જાણ કરવા છતાં પણ કોઈ દરકાર રાખવામાં આવેલ હતી, ફળસ્વરૂપ તાજેતરના વરસાદથી પુનિયાદ નજીક આવેલા વળાંક ઉપર બનાવવામાં આવેલ આખી સંરક્ષણ દિવાલ તૂટી ગયેલ છે. જેના કારણે કાંસ ની બન્ને સાઈડ



ની જમીન નું ધોવાણ થાય છે.અને રસ્તા ઉપર ના પાકા નાળા ની નીચે પણ સતત પાણીના કારણે મોટુ ધોવાણ થવાથી પોલાણ વધુ થતાં નાળું તુટી પડવાની સંભાવના પણ વધી ગયેલ છે.અને જો આ નાળું તુટે તો આ માર્ગ સંપૂર્ણ બંધ થવાની દહેશત છે.તંત્ર જાગશે ખરૂ ?????

આ પડી ગયેલ મોટી દિવાલને કારણે પાણીનો પ્રવાહ અવરોધાય છે, જેથી જવાબદાર તંત્ર પાણી નો પ્રવાહ ના રોકાય અને જમીન નું ધોવાણ ના થાય એ માટે તાત્કાલિક અસર થી કામગીરી કરે તેવી માંગ છે.

સ્થાનિક તંત્ર અને ધારાસભ્ય અક્ષય પટેલ ને વરસાદી પાણી ના પ્રવાહમાં ધારાશયી થયેલ સંરક્ષણ દિવાલ તથા નાળા ની નીચે પડેલા પોલાણ ,તેમજ જમીન ના થઈ રહેલા ધોવાણ અંગે જાણ કરાયેલ છે.

અગાઉ પણ આ રસ્તા ઉપર પડી ગયેલા ખાડાના કારણે રસ્તો દુરસ્ત કરાવવાની માંગ ઉઠી હતી, અને ગત વર્ષે પણ આજ નાણા પાસે પાણીના પ્રવાહ હતી સંરક્ષણ દિવાલને તથા નાળાની નીચેના પોલાણને ધોવાવાથી અસર થઈ હતી. તે સમયે પણ તંત્રને જાણ કરવામાં આવી હતી. પરંતુ મગરની ચામડી ની જેમ જાડી ચામડીના બની ગયેલા કોન્ટ્રાક્ટરો તથા અધિકારીઓ ને કોઈની પણ બીક રહી નથી, એ સ્પષ્ટ દેખાઈ આવે છે.

# છોટાઉદેપુર જિલ્લો સોળે કળાએ ખીલી ઉઠ્યો, ચારે તરફ હરિયાળી વચ્ચે પ્રજામાં ઉત્સાહ અને ઉમંગનો માહોલ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી વરસી રહેલા ખેતીલાયક વરસાદના કારણે સમગ્ર વિસ્તાર હરિયાળીથી છવાઈ ગયો છે. ગાઢ જંગલો, પર્વતમાળાઓ અને કુદરતી સૌંદર્ય વચ્ચે જિલ્લો જાણે સોળે કળાએ ખીલી ઉઠ્યો હોય તેવા નયનરમ્ય દ્રશ્યો સર્જાયા છે. વરસાદના આગમન સાથે ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે, જ્યારે સામાન્ય જનતામાં પણ એક ઉત્સાહ અને એક ઉમંગનો માહોલ છવાઈ ગયો છે. પાવીજેતપુર તાલુકાના સુખી ડેમ વિસ્તાર તેમજ વાગસ્તર મંદિર અને આસપાસના જંગલ વિસ્તારમાં મનમોહક કુદરતી દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હરિયાળાં પર્વતો, વૃક્ષોથી છવાયેલા જંગલો, વરસાદી વાતાવરણ અને મોરના મધુર ટહુકા સમગ્ર વિસ્તારની સુંદરતામાં ચાર ચાંદ લગાવી રહ્યા છે. કુદરતપ્રેમીઓ અને પ્રવાસીઓ



માટે આ સ્થળો આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

થોડા દિવસો અગાઉ ભારે ગરમી અને ઉકળાટથી લોકો પરેશાન હતા, પરંતુ સમયસર વરસાદ વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને સમગ્ર જિલ્લામાં લીલોતરી છવાઈ ગઈ છે.

### ધોળીદાંતીમાં ફિલ્મી ઢબે તસ્કરોનો તરખાટ

# બંધ મકાનના બે તાળા અને બે તિજોરી તોડી રૂ.1.91 લાખના દાગીના ચોરી ફરાર

## અમદાવાદમાં કામે ગયેલા કોન્ટ્રાક્ટરના ઘરને નિશાન બનાવ્યું; અંદાજે 2.95 કિલો ચાંદી અને 27 ગ્રામ સોનાના દાગીના પર હાથફેરો, લીમડી પોલીસ તપાસમાં જોતરાઈ

ઝાલોદ, પંકજ પંડિત

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના ધોળીદાંતી ગામમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી ફિલ્મી ઢબે ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. મુખ્ય દરવાજાનું તાળું તોડ્યા બાદ ઘરના અંદરના રૂમનો નકુચો તોડી બે તિજોરીઓના દરવાજા પણ તોડી નાખ્યા હતા. ત્યારબાદ તિજોરીમાં રહેલા અંદાજે 2.95 કિલો ચાંદીના અને 27 ગ્રામ સોનાના દાગીના સહિત કુલ રૂ. 1.91 લાખની મત્તા ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી છે.



પોલીસ ફરિયાદ મુજબ ધોળીદાંતી ગામના કુંજા ફળિયામાં રહેતા અને વ્યવસાયે લેબર કોન્ટ્રાક્ટર જયંતીલાલ સુરસીંગભાઈ મુનિયા (ઉ.વ. 47) અમદાવાદના બોપલ વિસ્તારમાં આવેલી રાજ્યશ સિટીમાં કોન્ટ્રાક્ટનું કામ કરી રહ્યા હતા. તેમની પત્ની પણ તા. 28 જુલાઈથી અમદાવાદમાં તેમની સાથે હતી. જ્યારે તેમના વૃદ્ધ માતા-પિતા ધોળીદાંતી સ્થિત ઘરે રહેતા હતા.

તા. 1 ઓગસ્ટની સાંજે વૃદ્ધ દંપતીએ ઘર બંધ કરી મોટા પુત્રના ઘરે રાત્રિ રોકાણ કર્યું હતું. બીજા દિવસે સવારે જ્યારે માતા ઘરે પરત ફરી ત્યારે મુખ્ય દરવાજો ખુલ્લો જોવા મળ્યો. શંકા જતાં પુત્રવધૂને ફોન કર્યો તો તેઓ અમદાવાદમાં હોવાનું જાણવા મળ્યું. ત્યારબાદ પરિવારના સભ્યો ઘરે પહોંચતા ચોરીનો ભેદ ખુલ્યો હતો. ઘરમાં પ્રવેશતા જ તમામ સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. તસ્કરોએ માત્ર મુખ્ય દરવાજાનું તાળું જ નહીં, પરંતુ અંદરના રૂમનો નકુચો પણ તોડી નાખ્યો હતો. ત્યારબાદ રૂમમાં રાખેલી બે તિજોરીઓના દરવાજા તોડી અંદરનો સામાન બહાર ફેંકી કિંમતી દાગીનાની શોધખોળ કરી હતી.

# દેવગઢ બારિયાની દીકરી મિસબા દીવાને મલેશિયામાં મેળવ્યો પ્રથમ ક્રમાંક

દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયાની તેજસ્વી દીકરી મિસબા દીવાને મલેશિયામાં આયોજિત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક હાંસલ કરીને દેવગઢ બારિયા, દાહોદ જિલ્લો, ગુજરાત અને દેશનું ગૌરવ વધાર્યું છે.

મિસબાની આ નોંધપાત્ર સિદ્ધિના સમાચાર મળતા જ તેમના પરિવાર, સગા સંબંધીઓ, મિત્રો તેમજ સમગ્ર મુસ્લિમ સમાજમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી. સમાજના આગેવાનો અને વિવિધ સંસ્થાઓ દ્વારા મિસબા તથા તેમના પરિવારને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



મિસબા દીવાને વિશ્વના વિવિધ દેશોના સ્પર્ધકો વચ્ચે પોતાની પ્રતિભા, મહેનત અને સમર્પણના બળે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની આ સફળતા પાછળ સતત પરિશ્રમ, પરિવારનું પ્રોત્સાહન અને આત્મવિશ્વાસ મહત્વપૂર્ણ રહ્યા હોવાનું જણાવાયું સમાજના આગેવાનોના જણાવ્યા અનુસાર, મિસબાની આ સિદ્ધિ સમાજની અન્ય દીકરીઓ માટે પ્રેરણારૂપ છે. યોગ્ય માર્ગદર્શન, શિક્ષણ અને મહેનતના આધારે વૈશ્વિક સ્તરે પણ સફળતા મેળવી શકાય છે તે મિસબાએ સાબિત કરી બતાવ્યું.

### છોટાઉદેપુરમાં વિકાસના નામે કરોડોનો ધુમાડો?

# માત્ર 4 મહિનામાં જ RCC રોડ ધોવાઈ ગયો, જવાબદાર કોણ?

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર તાલુકામાં વિકાસના મોટા-મોટા દાવાઓ વચ્ચે નાનીરાસલી-તારાપુર માર્ગ પર લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલો RCC રોડ માત્ર ચાર મહિનામાં જ ખાલસા થઈ જતાં સમગ્ર કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. કરોડો રૂપિયાના વિકાસના દાવા કરનાર તંત્ર માટે આ રોડ જ જીવતું ઉદાહરણ બની ગયો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ દિવસ-રાત ગેરકાયદેસર રેતી ભરેલા ઓવરલોડ ડમ્પરો અને ભારે વાહનોની બેફામ અવરજવર છતાં જવાબદાર વિભાગોએ આંખ આડા કાન કર્યા હતા. પરિણામે નવો રોડ અનેક સ્થળોએ તૂટી ગયો છે અને લોકો માટે મુશ્કેલીનું કારણ બન્યો છે. લોકોમાં ચર્ચા છે કે જો રોડની ગુણવત્તા મજબૂત હોત તો માત્ર ચાર મહિનામાં આ સ્થિતિ સર્જાત નહીં. રોડના નિર્માણમાં ગુણવત્તાનો અભાવ હતો કે પછી





દેખરેખમાં ગંભીર બેદરકારી રાખવામાં આવી? હવે લોકો ખુલ્લેઆમ જવાબ માગી રહ્યા છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે વર્ષોથી ગેરકાયદેસર રેતીના ધંધામાં દોડતા ઓવરલોડ વાહનો સામે કોઈ અસરકારક કાર્યવાહી થતી નથી. શું આવા વાહનોને કોઈનું રક્ષણ મળી રહ્યું છે? જો નહીં, તો પછી આટલી ખુલ્લેઆમ નિયમોનો ભંગ કેમ થાય છે? લોકોનો સવાલ છે કે શું વિકાસના નામે સરકારી નાણાંનો આ રીતે બગાડ જ થતો રહેશે?

માત્ર ચાર મહિનામાં જ તૂટી પડેલો રોડ બનાવનાર કોન્ટ્રાક્ટર, કામની દેખરેખ રાખનાર અધિકારીઓ અને સંબંધિત વિભાગ સામે જવાબદારી નક્કી થશે કે પછી આ સમગ્ર મામલો પણ અન્ય અનેક ફાઈલોની જેમ દબાઈ જશે? સ્થાનિકોએ જિલ્લા કલેક્ટર અને સંબંધિત વિભાગને તાત્કાલિક તપાસના આદેશ આપી જવાબદાર સામે કડક કાર્યવાહી કરવા, નુકસાન પામેલા રોડનું ગુણવત્તાપૂર્વક પુનઃનિર્માણ કરાવવા અને ગેરકાયદેસર ઓવરલોડ વાહનો પર કડક નિયંત્રણ લાવવાની માંગ કરી છે.



### નામ લીધા વિના એક એક્ટ્રેસ માટે અપમાનજનક ટિપ્પણી કરી

# GEN-Z બાદ હવે બોલિવૂડ એક્ટ્રેસને કંગના રણૌતે આડે હાથ લીધી

મુંબઇ

વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર સતત વિવાદાસ્પદ નિવેદનો આપી રહેલી કંગના રનૌતે હવે નામ લીધા વિના એક એક્ટ્રેસ માટે અપમાનજનક ટિપ્પણી કરી છે. તેણે એક્ટ્રેસના દેખાવની સરખામણી ખિસ્સાકાતરુ સાથે કરતા તેની ભાષા, પતિ અને પહેરવેશ પર સવાલો ઊભા કર્યા છે.

કંગનાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક પોસ્ટ રી-શેર કરી છે, જેમાં લખ્યું છે, 'નામ નહીં લઉં પણ એક જાડી જિહાદી કૂદી કૂદીને NEET વિરોધ પ્રદર્શન પર વીડિયો બનાવી રહી હતી. પણ ઝારખંડ વિરોધ પ્રદર્શનના સમયે મોં બંધ છે.' આ પોસ્ટને કંગનાએ લાઈક કરી અને પછી તેની સાથે લખ્યું છે, 'મારા વિશે પણ આ પ્રકારના ઘણા નકલી સમાચાર ફેલાવવામાં આવી રહ્યા છે. આ પણ સંપૂર્ણપણે ખોટી છે. હું કોઈને શરમાવવા માંગતી નથી, પરંતુ મેં જોયું છે કે આજકાલ એક એક્ટ્રેસ એવા કપડાં પહેરે છે અને એવી રીતે વાત કરે છે જાણે કોઈ ખિસ્સાકાતરુ હોય. તે હાફ પેન્ટ, ઊંધી કેપ પહેરે છે અને પ્રદર્શનકારીઓના ગટરછાપ વર્તનનું જોશભેર સમર્થન કરતા ખિસ્સાકાતરુ જેવી ભાષા બોલે છે.' આગળ કંગનાએ લખ્યું, 'મને હંમેશા લાગે છે કે તમે જે પ્રકારના કપડાં પહેરો છો, તેની સીધી અસર તમારી વિચારસરણી અને વ્યક્તિત્વ પર દેખાય છે. મારી પ્રિય સાથી એક્ટ્રેસ, જો તમારો પુરુષ સાથી તમને ખિસ્સાકાતરુ જેવો અનુભવ કરાવી રહ્યો છે, તો મને અફસોસ છે. તમે પહેલા ખૂબ જ સારાં કપડાં પહેરતા હતા અને અત્યંત શાલીનતાથી વાત કરતા હતા. તમને શું થઈ ગયું? તમારો અભિપ્રાય તમારો પોતાનો છે, પરંતુ તમારી સ્ટાઈલ પર થોડું વધુ ધ્યાન આપો. જો તમને મદદની જરૂર હોય, તો હું હંમેશા તમારા માટે હાજર છું.'પોસ્ટ શેર કર્યા પછી કંગનાએ એક વીડિયો જાહેર કરીને કહ્યું છે કે કેટલીક સાથી એક્ટ્રસે હંમેશા ધર્મ અને રાજકારણના મુદ્દે તટસ્થ રહે છે, પરંતુ ઈસ્લામવાદીઓ સાથે સંબંધ રાખ્યા પછી અને લગ્ન પછી તરત જ ડાબેરી કટ્ટરપંથી બની જાય છે. કંગનાએ કહ્યું છે, 'એમાં કોઈ વાંધો નથી. બંધારણ તેની પરવાનગી આપે છે, પરંતુ મુશ્કેલી એ છે કે હું એક મોડરેટ હિંદુ હતી. તો મને હવે સંઘી બનવા પર કટાક્ષ કેમ કરવામાં આવે છે. હું કેમ કન્વર્ટ ન થઈ શકું.

**પોસ્ટ રી શેર કરી કહ્યુ એક જાડી જિહાદી કૂદી કૂદીને NEET વિરોધ પ્રદર્શન પર વીડિયો બનાવી રહી હતી**

## અભિનેત્રી આંચલ ખુરાનાનો ચોંકાવનારો ખુલાસો

### એક જ પ્રકારની ભૂમિકામાં બંધાઈ જવાથી તેમણે થોડા સમય માટે અભિનયમાંથી બ્રેક લેવાનો નિર્ણય લીધો



મુંબઇ

ટીવીની જાણીતી અભિનેત્રી જૅનિફર વિંગેટ ફરી એકવાર ચર્ચામાં છે, પરંતુ આ વખતે તેના અભિનયને કારણે નહીં, પરંતુ તેના ટ્રેડિશનલ અને ગ્લેમરસ લુકને કારણે. સોશિયલ મીડિયા પર જૅનિફરનો લીલી પૈઠણી સાડીમાં એક લુક વાયરલ થઈ રહ્યો છે. ખાસ વાત એ છે કે પરંપરાગત પૈઠણી સાથે તેણે ટ્યુબ બ્લાઉઝ પહેરીને ટ્રેડિશનલ લુકને એકદમ મોડર્ન ટચ આપ્યો છે.

જૅનિફરની લીલી પૈઠણી સાડી પરની સોનેરી જરીની નકશી તેના લુકને રોયલ ટચ આપે છે. સામાન્ય બ્લાઉઝની જગ્યાએ સ્લીક ટ્યુબ બ્લાઉઝ પસંદ કરીને તેણે સાડીને ફ્યુઝન સ્ટાઈલમાં રજૂ કરી છે. પરંપરાગત પૈઠણી અને બોલ્ડ પરંતુ એલિગન્ટ બ્લાઉઝનું આ કોમ્બિનેશન સોશિયલ મીડિયા પર ફેશનપ્રેમીઓનું ધ્યાન ખેંચી રહ્યું છે.

જૅનિફરે પોતાના લુકને ભપકો આપવાની જગ્યાએ કરવાને બદલે મિનિમલ રાખ્યો છે. કાનમાં સ્ટાઈલિશ ઈયરિંગ્સ અને હાથમાં સિમ્પલ બ્રેસલેટ સાથે તેણે ખૂબ ઓછા દાગીના પહેર્યા છે. સોફ્ટ વેવી હેરસ્ટાઈલ અને ન્યૂડ મેકઅપે તેના લુકને નેચરલ અને ગ્રેસફુલ બનાવ્યો છે. આ આખો લુક ટ્રેડિશનલ હોવા છતાં તેમાં મોડર્ન અને ગ્લેમરસ વાઈબ જોવા મળે છે.

જૅનિફર વિંગેટના અંગત જીવનની વાત કરીએ તો તેના લગ્ન અભિનેતા કરણ સિંહ ગ્રોવર સાથે થયા હતા, જોકે બંનેના છૂટાછેડા થઈ ગયા હતા. હવે 12 વર્ષ બાદ ફરી લગ્નને લઈને તેની ચર્ચા થઈ રહી છે. આ દરમિયાન તેનો પૈઠણી લુક પણ સોશિયલ મીડિયા પર છવાયો છે. પરંપરાગત સાડીને નવા અંદાજમાં પહેરવાની ઈચ્છા ધરાવતી યુવતીઓ માટે જૅનિફરનો આ લુક ચોક્કસપણે ફેશન ઈન્સ્પિરેશન બની શકે છે.

## અદિતિ શર્માએ પતિ અને સાસરિયા વિરુદ્ધ નોંધાવી પોલીસ ફરિયાદ

### અદિતિ શર્માએ પોતાના પતિ, સાસુ અને નણંદ વિરુદ્ધ ઘરેલુ હિંસા અને માનસિક સતામણીની ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી

મુંબઇ

'રબ સે હૈ દુઆ', 'અપોલીના - સપનોં કી ઊંચી ઉડાન' અને 'કલીરે' જેવી લોકપ્રિય ટીવી સિરિયલોથી ઓળખ મેળવનારી અભિનેત્રી અદિતિ શર્માએ પોતાના પતિ, સાસુ અને નણંદ વિરુદ્ધ ઘરેલુ હિંસા અને માનસિક સતામણીની ગંભીર આક્ષેપો સાથે ફરિયાદ નોંધાવી છે. અદિતિની ફરિયાદના આધારે ગોરેગાંવ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધવામાં આવી છે. જોકે, પોલીસ દ્વારા હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી અને સમગ્ર મામલે તપાસ ચાલી રહી છે. ફરિયાદમાં અદિતિએ આરોપ લગાવ્યો છે કે લગ્ન બાદ તેના પતિ તેમજ સાસરિયાના સભ્યોએ તેની સાથે શારીરિક અને માનસિક હેરાનગતિ શરૂ કરી હતી. તેણે મારપીટ, અપશબ્દો બોલવા, તેના ચારિત્ર્ય પર શંકા વ્યક્ત કરવા અને લગ્નના દાગીનાનો ગેરઉપયોગ કરવાનો પ્રયાસ કર્યાનો પણ આરોપ લગાવ્યો છે. પોલીસે જણાવ્યું કે ફરિયાદમાં દર્શાવાયેલા તમામ મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ સમક્ષ આપેલા નિવેદનમાં અદિતિએ જણાવ્યું કે જૂન 2021માં એક ઓનલાઈન એક્ટિંગ ક્લાસ દરમિયાન તેની ઓળખ અભિનીત સાથે થઈ હતી. બંને વચ્ચેની મિત્રતા બાદમાં પ્રેમસંબંધમાં પરિણમી હતી. બંને પરિવારોની સંમતિથી 12 નવેમ્બર, 2024ના રોજ તેઓએ લગ્ન કર્યા હતા. લગ્ન પહેલાં જ સપ્ટેમ્બર, 2024થી બંને ગોરેગાંવ પશ્ચિમમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં સાથે 'લિવ ઈન'માં રહેતા હતા. અદિતિના જણાવ્યા મુજબ લગ્નના થોડા જ દિવસોમાં તેના પતિનો સ્વભાવ બદલાઈ ગયો હતો. કપડાં પહેરવા જેવી નાની-નાની બાબતોને લઈને વારંવાર ઝઘડા થતા હતા. તેણે એવો પણ આરોપ લગાવ્યો છે કે ઘરખર્ચમાં મદદ કરવાને બદલે તેનો પતિ વારંવાર તેની પાસે પૈસાની માંગ કરતો હતો. ફરિયાદમાં 1 જાન્યુઆરી, 2025ના બનેલી એક ઘટનાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં કોફીને લઈને થયેલો સામાન્ય વિવાદ ગાળાગાળી સુધી પહોંચ્યો હતો.





## હવે ઈન્ડસ્ટ્રીમાં પરિવાર જેવો પ્રેમ અને એકતા નથીઃ સંજય દત્ત

### પહેલા ઇન્ડસ્ટ્રી એક પરિવાર હતી, જ્યાં સૌ એકબીજાને મદદ કરતા. આજે તીવ્ર સ્પર્ધા છેઃ સંજય દત્ત

મુંબઇ

હિન્દી સિનેમામાં સંજય દત્ત વર્ષ 1981થી એક્ટિવ છે. તે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા દાયકાઓથી કામ કરી રહ્યો છે. હવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં સંજય દત્તે ફિલ્મ ઈન્ડસ્ટ્રી કેટલી બદલાઈ ગઈ છે તે અંગે વાત કરી છે. આ દરમિયાન સંજય દત્તે બોલિવૂડ અંગે દુ:ખ વ્યક્ત કર્યું. સંજય દત્તે જણાવ્યું કે, 'કરિયરની શરૂઆતમાં મેં અનુભવ્યું હતું કે, બોલિવૂડ ઈન્ડસ્ટ્રી એક પરિવાર છે. તમામ લોકો એક-બીજા સાથે મળીને અને ભાઈચારા સાથે કામ કરતા હતા. જ્યારે હું ઈન્ડસ્ટ્રીમાં આવ્યો ત્યારે ફિલ્મ ઈન્ડસ્ટ્રી પરિવાર જેવી હતી. તમામ લોકો એક-બીજાની મદદ કરતા હતા, એક-બીજાનો સાથ આપતા હતા. પરંતુ આજે અહીં ખૂબ જ તીવ્ર સ્પર્ધા આવી ગઈ છે, જે ખૂબ જ દુ:ખદ છે. મને આશા છે કે એવો સમય ફરીથી પાછો આવશે.' હોલિવૂડ સાથે કરી તુલના સંજય દત્તે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની તુલના હોલિવૂડ સાથે કરી છે. તેનું કહેવું છે કે, હોલિવૂડ ઈન્ડસ્ટ્રીના સ્ટાર્સ એકબીજા સાથે રહે છે અને એકબીજાની મદદ કરે છે. રાઈટર્સ હોય કે એક્ટર્સ, તમામ લોકો એકસાથે રહે છે અને એકબીજાને સપોર્ટ કરે છે. ઓસ્કાર એવોર્ડ મળવા પર કોઈને કોઈનાથી અદેખાઈ થતી નથી, તેઓ દિલથી એકબીજા માટે ખુશ થાય છે, જે ખૂબ જ સુંદર બાબત છે. સંજય દત્તની અપકમિંગ ફિલ્મ સંજય દત્ત પોતાના કરિયરમાં ઘણી હિટ ફિલ્મોમાં કામ કરી ચૂક્યો છે. સંજય દત્ત પડદા પર હીરોથી લઈને વિલનની ભૂમિકા ભજવી ચૂક્યો છે. હવે તે ટૂંક સમયમાં 'ખલનાયક રિટર્ન્સ'માં જોવા મળશે. ફિલ્મમાં સંજય દત્ત બલ્લુના રોલમાં નજર આવશે. ફેન્સ સંજય દત્તની અપકમિંગ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. સલમાન ખાન સંજય દત્તનો સારો મિત્ર છે સલમાન ખાન અને સંજય દત્તની દોસ્તી કોઈનાથી છૂપાઈ નથી. સંજય દત્ત સલમાન ખાનને પોતાના નાના ભાઈ માને છે. તાજેતરમાં જ સલમાન ખાને ઈન્સ્ટાગ્રામ પર સંજય દત્ત સાથેનો પોતાનો ફોટો શેર કર્યો છે. સંજય અને સલમાન સારા-નરસા સમયમાં એકબીજાની પડખે ઊભા રહે છે.

## રિતેશ સિધવાણી-ફરહાન અખ્તરે લૉન્ચ કર્યું 'એક્સેલ મ્યુઝિક', સંગીતની દુનિયામાં શરૂ કરી નવી સફર

મુંબઇ

એક્સેલ એન્ટરટેઈનમેન્ટે પોતાના નવા મ્યુઝિક લેબલ 'એક્સેલ મ્યુઝિક'ની શરૂઆત કરી છે. આ સાથે કંપનીએ પોતાની સર્જનાત્મક સફરમાં એક વધુ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. યુનિવર્સલ મ્યુઝિક ગ્રુપ આ લેબલમાં વ્યૂહાત્મક ભાગીદાર છે અને માર્કેટિંગ તેમજ ડિસ્ટ્રિબ્યુશનની જવાબદારી પણ સંભાળશે. એક્સેલ મ્યુઝિકની પ્રથમ રજૂઆત 'મિર્ઝાપુર: ધ મૂવી'નું સાઉન્ડટ્રેક આલ્બમ હશે. આ ફિલ્મ 4 સપ્ટેમ્બર, 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. આ આલ્બમનું પહેલું ગીત હરિયાણવી સંગીત જગતના લોકપ્રિય કલાકાર ધાંડા સાથે હશે, જે આ ગીત દ્વારા બોલિવૂડમાં ડેબ્યુ કરશે. આ ગીત આ જ અઠવાડિયામાં રિલીઝ થશે. છેલ્લા બે દાયકાથી એક્સેલ એન્ટરટેઈનમેન્ટે ભારતીય સિનેમાને અનેક યાદગાર ફિલ્મો આપી છે. દિલ ચાહતા હૈ, લક્ષ્ય, રોક



ઓન!!, કાર્તિક કોલિંગ કાર્તિક, જિંદગી ના મિલેગી દોબારા, દિલ ધડકને દો, બાર બાર દેખો, રઈસ અને ગલી બોય જેવી ફિલ્મોનું સંગીત આજે પણ લોકોમાં ખૂબ લોકપ્રિય છે. એક્સેલ મ્યુઝિક હેઠળ એક્સેલ એન્ટરટેઈનમેન્ટની ફિલ્મોના ઓરિજિનલ સાઉન્ડટ્રેક અને બેકગ્રાઉન્ડ સ્કોર ઉપરાંત અન્ય જાણીતા ફિલ્મ નિર્માતાઓ અને પ્રોડક્શન હાઉસની ફિલ્મોનું સંગીત પણ રજૂ કરવામાં આવશે. એક્સેલ એન્ટરટેઈનમેન્ટના સ્થાપકો રિતેશ સિધવાણી અને ફરહાન અખ્તરે કહ્યું, 'સંગીત હંમેશાં અમારી સફરનો મહત્વનો ભાગ રહ્યું છે. એક્સેલ મ્યુઝિકની શરૂઆત અમારા આ જ જુસ્સાનું એક નવું સ્વરૂપ છે. અમે શ્રેષ્ઠ કલાકારો સાથે મળીને એવું સંગીત બનાવવા માંગીએ છીએ, જે દરેક પેઢીના લોકોના દિલને સ્પર્શે.' યુનિવર્સલ મ્યુઝિક ગ્રુપના મેનેજિંગ ડિરેક્ટર (ઈન્ડિયા અને સાઉથ એશિયા) સાનુજીત ભુજાબલે જણાવ્યું, 'એક્સેલ એન્ટરટેઈનમેન્ટે છેલ્લા બે દાયકામાં પોતાની ફિલ્મો દ્વારા હિન્દી સિનેમામાં આગવી ઓળખ બનાવી છે. એક્સેલ મ્યુઝિકની શરૂઆતમાં તેમની સાથે જોડાઈને અમને ખુશી છે.

### કોમનવેલ્થ ગેમ્સ 2026નું સમાપન થયું, ભારતે કુલ 39 મેડલ જીત્યા

# કોમનવેલ્થ ગેમ્સ 2026માં ભારતનો છેલ્લા 24 વર્ષમાં સૌથી ખરાબ દેખાવ

ગ્લાસગો

સ્કોટલૅન્ડના ગ્લાસગો ખાતે 23 જુલાઈથી શરૂ થયેલી કોમનવેલ્થ ગેમ્સ 2026નું 2 ઑગસ્ટના રોજ સમાપન થયું છે. આ રમતોત્સવમાં ઓસ્ટ્રેલિયાએ સૌથી વધુ 170 મેડલ જીતીને પ્રથમ સ્થાન મેળવ્યું છે, જ્યારે ઇંગ્લૅન્ડ પણ મેડલની સેન્ચુરી ફટકારવામાં સફળ રહ્યું છે. બીજી તરફ, ભારતે આ વખતે 39 મેડલ પોતાના નામે કર્યા છે, જે છેલ્લા 24 વર્ષમાં ભારતનું સૌથી નબળું પ્રદર્શન માનવામાં આવી રહ્યું છે. જોકે, આ મેડલ ઓછા આવવા પાછળ એક ખાસ આયોજનાત્મક કારણ જવાબદાર છે. CWG 2026માં ભારતનું પ્રદર્શન ભારતે ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સ 2026માં કુલ 39 મેડલ જીત્યા છે, જેમાં 13 ગોલ્ડ, 17 સિલ્વર અને 9 બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે. ભારતીય રમતવીરોએ સૌથી વધુ મેડલ એથ્લેટિક્સમાં મેળવ્યા છે, જ્યારે બોક્સિંગમાં બીજા અને વેઈટલિફ્ટિંગ



ત્રીજા સ્થાને રહ્યું છે. ભારતીય બોક્સરોએ શાનદાર પ્રદર્શન કરતાં 7 ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. મેડલની સંખ્યા ઘટીને 39 થવા પાછળનું મુખ્ય કારણ આયોજન સંબંધિત એક મોટી મજબૂરી હતી. મૂળ યોજના મુજબ 2026ની કોમનવેલ્થ ગેમ્સ ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયામાં યોજાવાની હતી. પરંતુ, 2023માં આયોજનનો ખર્ચ 6થી 7 બિલિયન ડૉલર સુધી વધી જતાં વિક્ટોરિયા સરકારે ખર્ચ વધુ હોવાનું કહીને યજમાની પાછી ખેંચી લીધી હતી. આશરે એક વર્ષ સુધી કોઈ નવો યજમાન ન મળ્યા બાદ, 2024માં ગ્લાસગો આ રમતોનું આયોજન કરવા માટે આગળ આવ્યું હતું. ભારતના પરંપરાગત ખેલ રદ કરાયા ગ્લાસગો પાસે આયોજન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ખૂબ ઓછો સમય હોવાથી કુશ્તી, બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને હોકી જેવી રમતને આ વખતથી હટાવી દેવામાં આવી હતી. આ બધી એ જ રમતો હતી જેમાં ભારત દર વખતે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સૌથી વધુ મેડલ જીતતું હતું. 2022ની બર્મિંગહામ ગેમ્સમાં ભારતે કુશ્તીમાં 12, ટેબલ ટેનિસમાં 7, બેડમિન્ટનમાં 6 અને હોકીમાં 2 મેડલ મેળવ્યા હતા. જો આ રમતો રદ ન થઈ હોત, તો ભારત આ વખતે પણ સરળતાથી 70થી વધુ મેડલ જીતી ગયું હોત.

## બુમરાહ બહાર થતાં આકીબ નબીને મળી ગયો મોકો

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમ આગામી શ્રીલંકા પ્રવાસની ટેસ્ટ સીરિઝની શરૂઆત કરે તે પહેલાં જ ટીમને એક મોટો આંચકો લાગ્યો છે. ભારતીય ટીમના મુખ્ય અને ઘાતક ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ ઈજાના કારણે શ્રીલંકા સામેની ટેસ્ટ સીરિઝમાંથી સંપૂર્ણપણે બહાર થઈ ગયો છે. ઈંગ્લેન્ડ સામે રમાયેલી વનડે સીરિઝ દરમિયાન બુમરાહના ડાબા ઘૂંટણમાં ગંભીર ઈજા થઈ હતી. આ ઈજામાંથી તે હજુ સુધી સંપૂર્ણ રીતે સાજો થઈ શક્યો નથી, જેના કારણે ફિટનેસ ટેસ્ટ પાસ ન થતાં તેને ટીમમાં પસંદગી માટે યોગ્ય માનવામાં આવ્યો નથી. BCCIની મેન્સ સિલેક્શન કમિટીએ જસપ્રિત બુમરાહના સ્થાને જમ્મુ-કાશ્મીરના 24 વર્ષીય યુવા અને પ્રભાવશાળી ફાસ્ટ બોલર આકિબ નબીને ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ કર્યો છે. આકિબ નબી માટે સિનિયર ભારતીય ક્રિકેટ ટીમમાં આ પ્રથમ જબરદસ્ત બુલાવો છે, જેને પગલે તેનું ભારતીય ટીમ વતી રમવાનું સપનું સાકાર થવા જઈ રહ્યું છે. ઘરેલું ક્રિકેટમાં 104 વિકેટ લેવાનું મળ્યું ઈનામ આકિબ નબીને ભારતીય ટીમમાં સ્થાન મળવા પાછળ તેનું સ્થાનિક ક્રિકેટનું શાનદાર પ્રદર્શન જવાબદાર છે. તેણે રણજી ટ્રોફીની છેલ્લી બે સિઝનમાં અત્યંત ઘાતક બોલિંગ પ્રદર્શન કરીને કુલ 104 વિકેટો ઝડપી છે. ખાસ કરીને 2025-26ની સિઝનમાં તેણે એકલા હાથે 60 વિકેટો ચટકાવીને જમ્મુ-કાશ્મીરની ટીમને ઈતિહાસમાં પ્રથમ વખત રણજી ટ્રોફીનું ચેમ્પિયન બનાવવામાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

### શ્રીલંકા જતી ફ્લાઈટમાં સામેલ થશે કે નહીં

## ટીમ ઈન્ડિયાની મુશ્કેલી વધી, બુમરાહ બાદ હવે ઓપનર સાંઈ સુદર્શન પણ 'અનફિટ'

લંડન

ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના અંતર્ગત રમાનારી આગામી શ્રીલંકા સામેની 2 મેચોની ટેસ્ટ સીરિઝ પહેલાં ભારતીય ક્રિકેટ ટીમની ચિંતાઓ અને મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ ઈજાના કારણે ટેસ્ટ શ્રેણીમાંથી બહાર થઈ ગયા બાદ હવે વધુ એક ખરાબ સમાચાર સામે આવી રહ્યા છે. ટીમ ઈન્ડિયાના આશાસ્પદ ડાબોડી બેટર સાઈ સુદર્શન હજુ પણ સંપૂર્ણ રીતે ફિટ થઈ શક્યો નથી. આના કારણે 4 ઓગસ્ટે શ્રીલંકા રવાના થઈ રહેલી ભારતીય ટીમની ફ્લાઈટમાં તે



સામેલ થશે કે નહીં, તેને લઈને હજુ પણ સસ્પેન્સ યથાવત છે. જ્યારે BCCI દ્વારા શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી માટે 15 સભ્યોની ટીમની જાહેરાત કરવામાં આવી હતી, ત્યારે સાઈ સુદર્શનનું નામ ટીમમાં રાખવામાં આવ્યું હતું, પરંતુ બોર્ડે સ્પષ્ટ કર્યું હતું કે તેનું સિલેક્શન ફિટનેસ ક્લિયરન્સને આધીન રહેશે. એડીની ઈજા બાદ બેંગલુરુમાં રીહેબિલિટેશન મળતી માહિતી મુજબ, અફઘાનિસ્તાન સામેની છેલ્લી ટેસ્ટ શ્રેણી બાદ સાઈ સુદર્શનને એડીમાં ગંભીર ઈજા થઈ હતી. આ ઈજામાંથી બહાર આવવા માટે તે હાલમાં બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE)માં કમબેક કરવા માટે સખત મહેનત કરી રહ્યો છે.

# ઓસ્ટ્રેલિયા અંડર-19 ટીમનો ભારત પ્રવાસ

### ભારતીય મૂળના નીલ પટેલને 16 સભ્યોની ટીમમાં સ્થાન મળ્યું, અમદાવાદ-રાજકોટમાં રમાશે મેચ

મુંબઈ

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ આવતા મહિને યોજાનાર ભારતના પ્રવાસ માટે 16 સભ્યોની અંડર-19 પુરુષ ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં ભારતીય મૂળના ન્યૂ સાઉથ વેલ્સના ખેલાડી નીલ પટેલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમ ભારત સામે રાજકોટ અને અમદાવાદમાં પાંચ મેચની મલ્ટી-ફોર્મેટ સિરીઝ રમશે. ન્યૂ સાઉથ વેલ્સના રહેવાસી નીલ પટેલ યુનિવર્સિટી ઓફ ન્યૂ સાઉથ વેલ્સ ક્રિકેટ ક્લબ તરફથી રમે છે. તેમની ગણતરી ઓસ્ટ્રેલિયાના ઉભરતા યુવા ખેલાડીઓમાં થાય છે. રાજકોટ અને અમદાવાદમાં રમાશે મેચ આ પ્રવાસ ચાર



અઠવાડિયા સુધી ચાલશે. આમાં ઓસ્ટ્રેલિયાની ટીમ ભારત સામે ત્રણ 50-ઓવરની મેચ અને બે ચાર-દિવસીય મેચ રમશે. આ મુકાબલા 13 સપ્ટેમ્બરથી 9 ઓક્ટોબર 2026 દરમિયાન રાજકોટ અને અમદાવાદમાં યોજાશે. આ ટીમની પસંદગી યુથ નેશનલ સિલેક્શન પેનલે કરી છે, જેમાં ઓસ્ટ્રેલિયાના સૌથી હોનહાર યુવા ખેલાડીઓને સ્થાન આપવામાં આવ્યું છે. ટીમ પ્રવાસ યુવા ખેલાડીઓના વિકાસ માટે એક ઉત્તમ તક છે.

તેમણે કહ્યું કે ભારતની પડકારજનક પરિસ્થિતિઓમાં રમવાથી ખેલાડીઓની તકનીકી અને માનસિક ક્ષમતાનું પરીક્ષણ થશે. ઓસ્ટ્રેલિયન ટીમમાં આ ખેલાડીઓ સામેલ. ટીમમાં કેસી બાર્ટન (તાસ્માનિયા), હેડન બાર્બુલોવિક (સાઉથ ઓસ્ટ્રેલિયા), એલી બ્રેન (ક્વીન્સલેન્ડ), વિલ બાયરોમ (ન્યૂ સાઉથ વેલ્સ), બ્લેક કેટલ (ન્યૂ સાઉથ વેલ્સ), જેક જોસ્નેક (વિક્ટોરિયા), સ્પેન્સર ગ્રીન (ક્વીન્સલેન્ડ), કોનર ગ્રેગરી (સાઉથ ઓસ્ટ્રેલિયા), ચાર્લી હેન્ડરસન (ક્વીન્સલેન્ડ), જેડ હોલિક (વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા), મેથ્યુ લોફ (વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા), નીલ પટેલ (ન્યૂ સાઉથ વેલ્સ), જેકબ પિટ્ઝ (વિક્ટોરિયા), પેટ્રિક સુલિવાન (વિક્ટોરિયા), થિયો ત્સિંગોસ (ક્વીન્સલેન્ડ) અને થોમસ વાસેઓ (ક્વીન્સલેન્ડ)નો સમાવેશ થાય છે.

નીલ્સન હશે હેડ કોચ. ઓસ્ટ્રેલિયન ટીમના હેડ કોચ પૂર્વ ક્રિકેટર ટિમ નીલ્સન હશે.

નીલ્સન હાલમાં ડાર્વિનમાં બાંગ્લાદેશ સામે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ઈલેવન પ્રોગ્રામની દેખરેખ રાખી રહ્યા છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના નેશનલ ડેવલપમેન્ટ હેડ સોન્યા થોમ્પસને કહ્યું કે આ

## બિઝનેસ

### આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલના ભાવમાં 5%નો ઘટાડો નોંધાયો

# ટ્રમ્પની જાહેરાતથી ક્રૂડ ઓઇલની કિંમતોમાં કડાકો

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવની સીધી અસર આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો પર જોવા મળી રહી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શાંતિ કે હુમલા અંગે આપવામાં આવતા નિવેદનોથી ક્રૂડ ઓઈલમાં સતત અસ્થિરતા જોવા મળે છે. હાલમાં જ ટ્રમ્પે ઈરાન સાથે ડિપ્લોમેટિક વાટાઘાટો શરૂ કરવાની જાહેરાત કરી છે. કૂટનીતિ દ્વારા શાંતિની આશા જાગતા જ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં આશરે 5%નો મોટો ઘટાડો નોંધાયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે શું નિવેદન આપ્યું?

ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર પ્રસ્તાવિત હુમલો હાલ પૂરતો ટાળતા મોટું નિવેદન આપ્યું છે.



તેમણે જણાવ્યું હતું કે, જો ઈરાન પર આ હુમલો કરવામાં આવ્યો હોત તો તે બીજા વિશ્વયુદ્ધ બાદનો સૌથી મોટો હુમલો બન્યો હોત. ઈરાનના પરમાણુ કાર્યક્રમ, હોર્મુઝ સ્ટ્રેટ અને પ્રાદેશિક સુરક્ષા જેવા સંવેદનશીલ મુદ્દાઓ હજુ પણ ઉકેલાયા નથી, તેમ છતાં વધુ જાનમાલનું નુકસાન અટકાવવા કૂટનીતિ જ શ્રેષ્ઠ માર્ગ છે. એર ફોર્સ વનમાં વાત કરતી વખતે ટ્રમ્પે સ્પષ્ટ કર્યું હતું કે તેહરાન સાથે સોમવાર બપોરથી મંત્રણાનો દોર શરૂ થઈ રહ્યો છે, જોકે આ કરાર પર પહોંચવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરાઈ નથી. ઈરાન સાથે સમજૂતી અંગે ટ્રમ્પના આ નિવેદન બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો જોવા મળ્યો છે. બ્રિન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ 4.80%થી વધુ ઘટીને પ્રતિ બેરલ 83 ડોલરની આસપાસ આવી ગયો છે. આ ઉપરાંત, WTI ક્રૂડ ઓઈલનો ભાવ પણ 5.30% ઘટીને પ્રતિ બેરલ 80 ડોલરના સ્તરે પહોંચી ગયો છે. હોર્મુઝ સ્ટ્રેટ પર ટકેલો છે મુખ્ય વિવાદ અગાઉ પણ અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ સમજૂતીની શક્યતા સર્જાઈ હતી.

### આ નિયમ 1 એપ્રિલ 2027 થી લાગુ થઈ શકે છે

# EPFOનો પ્રોવિડન્ટ અંગે મોટો નિર્ણય, ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે PF મર્યાદા વધારાઈ

મુંબઈ

પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓ માટે મોટા રાહતના સમાચાર છે. નાણાં મંત્રાલયે અનિવાર્ય રિટાયરમેન્ટ ફંડ કવરેજ માટે પગાર મર્યાદા 15,000 પ્રતિ માસથી વધારીને 25,000 પ્રતિ માસ કરવાની મંજૂરી આપી દીધી છે. આ મર્યાદા એક દાયકાથી વધુ સમયથી બદલાઈ ન હતી. નવી મર્યાદા લાગુ થવાથી, પગાર મેળવતા વધુ કર્મચારીઓ અનિવાર્ય પ્રોવિડન્ટ ફંડ અને પેન્શન કવરેજના વ્યાપમાં આવી જશે. નવી પગાર મર્યાદા ક્યારથી લાગુ થશે, તેનો નિર્ણય કેબિનેટની મંજૂરી પછી કરવામાં આવશે. 15,000થી 25,000 સુધીના કર્મચારીઓ પીએફના ઘેરામાં આવશે હજી




સુધી માત્ર તે કર્મચારીઓ જેમનો બેઝિક પગાર 15,000 પ્રતિ માસ સુધીનો છે, તેમને જ અનિવાર્યપણે એમ્પ્લોઈ પ્રોવિડન્ટ ફંડ અને એમ્પ્લોઈ પેન્શન સ્કીમના વ્યાપમાં રાખવામાં આવે છે. તેનાથી વધુ કમાણી કરનારા કર્મચારીઓ બહાર રહી શકે છે અને એમ્પ્લોયર માટે તેમને તેમાં સામેલ કરવા કાનૂની રીતે જરૂરી નથી. જ્યારે આ મર્યાદા 25,000 થઈ જશે, ત્યારે 15 હજારથી 25 હજાર પ્રતિ માસ કમાનારા કર્મચારીઓ પણ તેના વ્યાપમાં આવી જશે. આ બદલાવથી પ્રાઈવેટ સેક્ટરના કર્મચારીઓ માટે સોશિયલ સિક્યોરિટી કવરેજ ઘણું વધવાની અપેક્ષા છે. નાણાં મંત્રાલયે EPFO ની સેલેરી લિમિટ વધારવાના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. આ અંતર્ગત હાલની 15,000ની જગ્યાએ 25,000 પ્રતિ માસ સુધીના પગાર વાળા કર્મચારીઓને પીએફ અને પેન્શન યોજનાના વ્યાપમાં લાવવાની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. રિપોર્ટ મુજબ, શરૂઆતમાં આ લિમિટને 30,000 સુધી વધારવા પર પણ વિચાર કરવામાં આવ્યો હતો.

### આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળ્યો

# સોના-ચાંદીના ભાવમાં વધારો, સોનુ 1.43 લાખ અને ચાંદી 2.18 લાખ થઈ

### ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 105 રૂપિયા વધીને 2.17 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે

મુંબઈ

સોના-ચાંદીની કિંમતમાં આજે એટલે કે 3 ઓગસ્ટે વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીની કિંમત 105 રૂપિયા વધીને 2.17 લાખ રૂપિયા પર પહોંચી ગઈ છે. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 3 રૂપિયા વધીને 1.43 લાખ રૂપિયા થયો છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધી 10 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10g સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.43 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદીની કિંમતમાં 12 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.18 લાખ રૂપિયા પર છે. આ સમયગાળા દરમિયાન 29 જાન્યુઆરીના રોજ સોનાએ 1.76 લાખ



રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી. કોમોડિટી એક્સપર્ટ અજય કેડિયાના મતે સોના-ચાંદીના ભાવ તેની હાઈ સપાટીથી ઘણા નીચે આવી ગયા છે. આવી સ્થિતિમાં, રોકાણકારો તેમાં રોકાણ કરી શકે છે, જોકે તેમાં એકસાથે રોકાણ કરવાનું ટાળવું જોઈએ. અજય કેડિયાના મતે વર્ષના અંત સુધીમાં સોનું ફરી એકવાર 1.60 લાખ અને ચાંદી 2.80 લાખ રૂપિયા સુધી પહોંચી શકે છે. સોના-ચાંદીમાં ETF દ્વારા કરી શકાય છે રોકાણ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ સોના અને ચાંદીના વધતા-ઘટતા ભાવો પર આધારિત હોય છે. ગોલ્ડ ETF અથવા સિલ્વર ETFની ખરીદ-વેચાણ શેરની જેમ જ BSE અને NSE પર કરી શકાય છે. જોકે, આમાં તમને સોનું કે ચાંદી મળતી નથી. જ્યારે તમે તેમાંથી પૈસી મેળવવા માંગો છો, ત્યારે તમને તે સમયના સોના-ચાંદીના ભાવ બરાબર પૈસા મળશે. આમાં 500 રૂપિયાથી પણ ઓછામાં રોકાણની શરૂઆત કરી શકાય છે.

ETF ખરીદવા માટે તમારે તમારા બ્રોકર દ્વારા ડીમેટ ખાતું ખોલાવવું પડે છે. આમાં તમે NSE પર ઉપલબ્ધ ETFના યુનિટ ખરીદી શકો છો અને તેના બરાબરની રકમ તમારા ડીમેટ ખાતા સાથે જોડાયેલા બેંક ખાતામાંથી કપાત થશે. તમારા ડીમેટ ખાતામાં ઓર્ડર આપ્યાના બે દિવસ પછી ETF તમારા ખાતામાં જમા થઈ જાય છે.

# સેન્સેક્સ 544 અંક વધીને 78,639 પર બંધ થયો

- IT, ઓટો, FMCG, મેટલ, રિયલ્ટી, પ્રાઇવેટ બેંક અને સરકારી બેંકના શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 03 ઓગસ્ટે તેજી જોવા મળી. સેન્સેક્સ 544 પોઈન્ટ વધીને 78,639 ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 390 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો, તે 24,774 ના સ્તરે બંધ થયો.

આજે IT, ઓટો, ફાઈનાન્સિયલ સર્વિસિસ, FMCG, મેટલ, રિયલ્ટી, પ્રાઈવેટ બેંક અને સરકારી બેંકના શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી. શેરબજારમાં 31 જુલાઈ, શુક્રવારે તેજી રહી. સેન્સેક્સ 166 અંક ચઢીને 78,094 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 66 અંકની તેજી રહી, તે 24,383 પર પહોંચ્યો. સોમવારે GACM ટેક્નોલોજીસના શેરમાં તીવ્ર વધારો જોવા મળ્યો. આ લેખ લખતી વખતે, NSE પર શેર 0.75 પર ટ્રેડ થઈ રહ્યો હતો, જે 8.70% વધારે છે. બજારમાં આજે GACM ટેક્નોલોજીસના શેરનું સારું પ્રદર્શન જોવા મળ્યું. છેલ્લા અઠવાડિયા અને મહિનામાં શેરમાં આશરે 53%નો વધારો થયો છે. અત્યાર સુધીમાં, 2026 માં તેમાં આશરે 36%નો વધારો થયો છે, જ્યારે પાછલા વર્ષમાં શેરમાં આશરે 44% વળતર મળ્યું છે. જોકે, લાંબા ગાળે ચિત્ર થોડું અલગ છે. છેલ્લા ત્રણ વર્ષમાં શેરમાં આશરે 28% ઘટાડો થયો છે, પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં, તેણે રોકાણકારોને આશરે 23% વળતર આપ્યું છે.

## અમદાવાદમાં NEET પેપર લીકની રેલીમાં કોંગ્રેસના નેતાઓએ નારા લગાવ્યા

# 'PM મોદી વીક છે એટલે પેપર લીક છે': 'ધર્મેન્દ્ર પ્રધાન ઝાંકી હૈં અભી તો અમિત શાહ બાકી હૈં..'




### શહેર કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા. 'અમિત શાહ રાજીનામું આપો'ના નારા પણ લાગ્યા હતા

**અમદાવાદ**

NEET પેપર લીક મુદ્દે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલા લાઠીચાર્જ અને શિક્ષણના વ્યાપારીકરણ મુદ્દે ગુજરાત કોંગ્રેસ આજે (3 ઓગસ્ટ) રસ્તા પર ઉતરી હતી. સરકારના વિરોધમાં અમદાવાદના નહેરુબ્રિજથી સરદાર બાગ સુધી રેલી યોજી 'છાત્રો કી ગુંજ' અભિયાન અંતર્ગત સરદારબાગ ખાતે ધરણા કર્યા હતા. પોલીસ દ્વારા પહેલેથી જ બે JCP, ત્રણ પીઆઇ સહિત મોટી સંખ્યામાં પોલીસ કાફલો પતંગ હોટેલ પાસે ખડકી દેવામાં આવ્યો હતો.

નહેરુબ્રિજથી રેલીની શરૂઆત થઈ 'હાય રે ભાજપ હાય હાય'ના નારા સાથે રેલી આગળ વધી હતી. અમદાવાદ શહેર કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા. 'અમિત શાહ રાજીનામું આપો'ના નારા પણ લાગ્યા હતા.

ખાનપુર ખાતે આવેલા ભાજપના કાર્યાલયથી અંદાજે 100 મીટરના અંતર પર ગુજરાત કોંગ્રેસમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા સહિત પ્રદેશના નેતાઓ, કોંગ્રેસના કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં યુથ કોંગ્રેસ અને NSUIના કાર્યકર્તાઓ ધરણા પ્રદર્શન પર બેઠા હતા. કોંગ્રેસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કહેવાથી પોલીસે વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ કર્યો હોવાનો આક્ષેપ કરી રાજીનામાની પણ માંગ કરી હતી. વિદ્યાર્થીઓ સામે નોંધેલી FIR પરત ખેંચી લાઠીચાર્જ કરનારા પોલીસકર્મીઓ સામે પણ કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી

તેમજ બિહારમાં પણ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસના ગોળીબારનો વીડિયો વાયરલ થયો હતો. જેથી પ્રદર્શન દરમિયાન કોંગ્રેસના નેતાઓએ ટીયર ગેસ નહીં ચલેગી, AK 47 નહીં ચલેગી ના નારા લગાવ્યા હતા. તેમજ જે પણ પોલીસકર્મીઓ દ્વારા AK 47માંથી ગોળીબાર કર્યો હતો તેમના સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કહ્યું કે, ભાજપનું શાસનને અંગ્રેજો કરતા પણ ખરાબ છે.

## અમદાવાદના મનપસંદ જીમખાનામાં SMCની રેડ

# હાઈપ્રોફાઈલ જુગારધામ પરથી 150થી વધુ લોકો ઝડપાયા..!



**અમદાવાદ**

અમદાવાદના દરિયાપુરમાં આવેલી મનપસંદ જીમખાના ક્લબમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગારધામ પર સ્ટેટ મોનિટરીંગ સેલે દરોડો પાડી જુગાર ચલાવનારા અને જુગાર રમી રહેલા 187 લોકોને ઝડપી પાડ્યા છે. પોલીસને ઘટનાસ્થળ પરથી 3 લાખથી વધુની રોકડ, 176 મોબાઈલ ફોન અને 29 વાહનો મળી આવ્યા છે.

આ જુગારધામ ગોવિંદ ઉર્ફે ગામો પટેલ નામનો શખસ ચલાવતો હોવાનો ખુલાસો થયો છે.અહીં જુગાર રમવા આવતા લોકોએ પહેલા પૈસા આપવાના રહેતા હતા. પૈસા આપતા તેને કાઉન્ટર પરથી એક સ્લીપ આપવામાં આવતી હતી. જે લઈને ફર્સ્ટ અથવા સેકન્ડ ફ્લોર પર જાય એટલે ત્યાં હાજર વ્યકિત દ્વારા તેને જુગારના ટેબલ પર બેસાડી દેતો હતો. અમદાવાદના મનપસંદ જીમખાના ક્લબમાં ચાલતા હાઈપ્રોફાઈલ જુગાર પર સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે રવિવાર ( 2 ઓગસ્ટે) રાત્રે 10 વાગ્યાના અરસામાં દરોડો પાડવામાં આવ્યો હતો. જુગારધામ પરથી જુગાર રમનારા અને ચલાવનારા સહિત 187 લોકો ઝડપાતા તેઓની કાર્યવાહી પૂર્ણ કરતા પોલીસને 20 કલાક જેટલો સમય લાગી ગયો હતો.

# ટ્રેડ ગ્રોથના નામે વેપારી સાથે ઠગાઈ : ફોરેન બાયર મેળવવાની લાલચમાં વેપારીએ રૂપિયા 75.59 લાખ ગુમાવ્યા

### યાસિકા નામની મહિલાએ બોગસ ઓર્ડર બતાવી પૈસા પડાવ્યા

**અમદાવાદ**

સાયબર ગઠિયાઓ દરરોજ નિર્દોષ લોકોને પોતાની જાળમાં ફસાવવા અવનવા કીમિયા અપનાવી રહ્યા છે.

ત્યારે અમદાવાદમાં સાયબર માફિયાઓએ એક વેપારીની વિદેશમાં ધંધો વિકસાવવાની ઘેલછાનો ગેરલાભ ઉઠાવી રૂ. 75.79 લાખની મસમોટી ઠગાઈ આચરી હોવાનો સનસનાટીભર્યો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે ભોગ બનનાર વેપારીએ અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ ફરિયાદમાંથી મળતી વિગતો મુજબ, ઘાટલોડિયાના સાયોના સિટી બંગલોઝ ખાતે રહેતા 58 વર્ષીય અજિતભાઈ વિક્રમભાઈ પટેલ ઓઢવ વિસ્તારમાં વાલ્વ બનાવવાની કંપની ધરાવે છે. ગત જાન્યુઆરી મહિનામાં તેઓ પોતાની કંપની પર હાજર હતા ત્યારે તેમના મોબાઈલ પર એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાની ઓળખ 'વર્લ્ડ ટ્રેડ ગ્રોથ' કંપનીના વિકાસ ગુપ્તા તરીકે આપી હતી.

વિકાસ ગુપ્તાએ અજિતભાઈને વિદેશી ગ્રાહકો લાવી આપવાની અને વિદેશમાં તેમનો વાલ્વનો બિઝનેસ ખૂબ વધારી દેવાની મોટી લાલચ આપી હતી.

તેની મીઠી-મીઠી વાતોમાં આવી ગયેલા અજિતભાઈને તેણે કંપનીની પ્રોફાઈલ તૈયાર કરવા અને મેમ્બરશિપ લેવાના નામે જાળમાં ફસાવ્યા હતા.

મેમ્બરશિપ ફી મેળવ્યા બાદ બીજા જ દિવસથી યાસિકા નામની મહિલાએ અજિતભાઈ સાથે વાતચીત શરૂ કરી હતી. યાસિકાએ વિદેશી ગ્રાહકો સાથે ધંધાકીય ચર્ચા કરાવીને ઈ-મેઈલ દ્વારા ઓર્ડર મળ્યા હોવાનું નાટક રચ્યું હતું. ત્યારબાદ આ ઓર્ડર મેળવનારી કંપની માટે 'સર્ટિફિકેટ કોડ' લેવાના બહાને અજિતભાઈ પાસેથી લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા.

## ડિઝાઇનથી લઈને દબાણો દૂર કરવાની કામગીરી થશે

# ટ્રાફિકની સમસ્યા હળવી કરવા ટ્રાફિક પ્લાનિંગ સેલની રચના કરાઈ

- અધિકારીઓ-કર્મચારીઓ મળીને 40 લોકોનો પ્લાનિંગ સેલ બનાવાયો
- AMC પ્લાનિંગ કરશે તો ટ્રાફિક પોલીસ અમલ કરાવશે?
- મોટાભાગની કામગીરી કોન્ટ્રાક્ટર આધારિત હોવાથી રામભરોસે!
- પ્લાનિંગ સેલ ડેપ્યુટી મ્યુનિ. કમિશનરની સીધી દેખરેખ કામગીરી કરશે

**અમદાવાદ**

અમદાવાદમાં વધતી જતી વસ્તી અને વાહનોની સંખ્યાને કારણે તેમજ મોટાભાગના લોકોમાં ટ્રાફિક સેન્સ અને ટ્રાફિક અંગેની જાગૃતિના અભાવને કારણે ટ્રાફિકની સમસ્યા વધુ વિકટ બની ગઈ છે. નાના ચાર રસ્તા ઉપર પણ જો થોડીવાર વાહન ઊભા રહી જાય તો ટ્રાફિક જામની સ્થિતિ ઊભી થઈ જાય છે ત્યારે શહેરમાં ટ્રાફિકની સમસ્યા, વાહન પાર્કિંગની મુશ્કેલી દૂર કરવા તેમજ ટ્રાફિક સાઈનેજ સહિતની કામગીરી કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટ્રાફિક પ્લાનીંગ સેલની રચના કરવામાં આવી છે.



રોડ પર દબાણના કારણે થતા ટ્રાફિકને દૂર કરવા એસ્ટેટ વિભાગ તેમજ અલગ અલગ જગ્યા પર ટ્રાફિક સિગ્નલ બનાવવા અને CCTV કેમેરાની મદદથી લોકોને દંડ ફટકારવા સહિતની હવે કામગીરી માટે અલગ અલગ વિભાગોના અધિકારીઓ કર્મચારીઓ મળી 40 લોકોનો પ્લાનિંગ સેલ બનાવાયો છે. પ્લાનિંગ સેલ ટ્રાફિક દૂર કરવા માટે તમામ પ્લાનિંગ તૈયાર કરશે. જોકે કોર્પોરેશન પાસે માત્ર કામગીરી કેવી રીતે કરવી જોઈએ તેનું પ્લાનિંગ થશે.

પરંતુ ખાસ અમલ ટ્રાફિક પોલીસને કરાવવાનો હોય છે ત્યારે ટ્રાફિક પોલીસ આવા પ્લાનિંગ સેલ દ્વારા કરવામાં આવતા પ્લાનિંગ પર અમલ કરશે કે કેમ તેને લઈને સવાલ છે. કારણ કે કોર્પોરેશનના પ્લાનિંગ સામે ટ્રાફિક પોલીસ પોતાનું જ અલગથી પ્લાનિંગ કરીને કોર્પોરેશનને અમલ કરવા માટે કહેતું હોય છે. ત્યારે હવે આ સેલ દ્વારા આપવામાં આવતા સૂચન ટ્રાફિક પોલીસ માન્ય રાખી અમલ કરાવશે કે કેમ તેના પર સવાલ છે.

# GTUના કાર્યકારી કુલપતિ તરીકે વૈભવ ભટ્ટની નિયુક્તિ

### સર્ચ કમિટીની રચના ન થતાં કાયમીની જગ્યાએ ઇન્ચાર્જ VC મૂકવા પડ્યા

**અમદાવાદ**

ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી (GTU)ના પ્રથમ મહિલા કુલપતિ ડૉ. રાજુલ ગજ્જરનો 3 વર્ષનો કાર્યકાળ આજે (3 ઓગસ્ટ) પૂર્ણ થઈ ગયો છે. જેથી કાર્યકારી કુલપતિ તરીકે GTUના પ્રોફેસર અને સ્કૂલ ઓફ એપ્લાઇડ સાયન્સના ડિરેક્ટર વૈભવ ભટ્ટની નિમણૂંક કરવામાં આવી છે.



જો કે ઇન્ચાર્જ કુલપતિ નિમાયા બાદ તેને વહીવટ ચલાવવાની સત્તા સોંપવામાં આવતી હોય છે, પરંતુ ઇન્ચાર્જ કુલપતિ કોઈ મોટો નિર્ણય લઈ શકતા નથી.

વૈભવ ભટ્ટ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી માઈક્રોબાયોલોજીમાં M. Sc. અને બાયોટેકનોલોજીમાં Ph.D.ની પદવી મેળવેલી છે. તેમજ વર્ષ 2020 થી 2022 દરમિયાન GTU ખાતે AIC-GISC ફાઉન્ડેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) તરીકે પણ રહી ચૂક્યા છે.

નિયમ મુજબ, મુદત પૂરી થવાના ત્રણ મહિના પહેલાં સર્ચ કમિટીની રચના કરવાની હોય છે, પરંતુ પ્રક્રિયા શરૂ ન થઈ હોવાથી નવા કાયમી કુલપતિની પસંદગી અટકી પડી છે. પરિણામે, ગુજરાત યુનિવર્સિટીની જેમ GTUમાં પણ ઇન્ચાર્જ કુલપતિની નિમણૂક કરવામાં આવી છે.

ડૉ. રાજુલ ગજ્જરની ઓગસ્ટ, 2023માં રાજ્ય સરકાર દ્વારા ત્રણ વર્ષ માટે કુલપતિ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. રાજુલ ગજ્જર GTUના ઈતિહાસમાં પ્રથમ મહિલા કુલપતિ બન્યા હતા. ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થા (IITE)ના કુલપતિ તરીકે પણ સેવા આપી ચૂક્યા છે. તેઓ 2016માં સાત મહિના માટે GTUના ઇન્ચાર્જ કુલપતિ પણ રહ્યા હતા.

## BAPSના ઇન્ટરનેશનલ કન્વીનર પૂ.ઈશ્વરચરણ સ્વામીએ પ્રેરણાદાયી સંદેશ આપ્યો

# 'નશામુક્ત ભારત' અભિયાનમાં BAPS સંસ્થા મહત્વપૂર્ણ જવાબદારી નિભાવશે

### સમગ્ર ભારતમાં ફેલાયેલા BAPS સંસ્થાના 60 થી વધુ કેન્દ્રોમાંથી 30,000થી વધુ યુવક-યુવતીઓએ અભિયાનમાં સક્રિય યોગદાન આપ્યું

**એસ.કુમાર | અમદાવાદ**

બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા એટલે કે BAPS સંસ્થા દ્વારા વર્ષોથી નશા મુક્તિ માટે અનેક અભિયાનો ચલાવવામાં આવ્યા છે. અગાઉ 1997, 2000 અને 2007 માં સંસ્થાના બાળકો અને યુવાનો દ્વારા ઘરે-ઘરે જઈને લાખો લોકોને વ્યસન મુક્ત જીવન અપાવવા માટેના પ્રયાસો કરાયા છે, જેને પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા પણ બિરદાવવામાં આવ્યા હતા. વર્તમાન સમયમાં પણ પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના માર્ગદર્શન હેઠળ યુવાનો સમાજમાં પવિત્ર અને ઉત્તમ જીવનશૈલી અપનાવવાનો સંદેશ ફેલાવી રહ્યા છે. BAPS સ્વામિનારાયણ સંસ્થાના 30,000 થી વધુ યુવાનો ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા 'ડ્રગ-ફ્રી યુથ ફોર એ ડેવલપ્ડ ઈન્ડિયા' સંકલ્પ અભિયાનમાં ઉત્સાહભેર જોડાયા છે. દેશના યુવાધનને નશાના દૂષણથી મુક્ત કરવા અને સકારાત્મક સામાજિક પરિવર્તનના અગૂઆ બનાવવાના ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આ રાષ્ટ્રવ્યાપી અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં માય ભારત વોલન્ટિયર્સ, એનએસએસ સ્વયંસેવકો, શૈક્ષણિક સંસ્થાઓ અને 125 થી વધુ આધ્યાત્મિક સંસ્થાઓ સાથે મળીને દેશભરના લાખો યુવાનોએ વર્ચ્યુઅલ માધ્યમથી ભાગ લીધો હતો. સમગ્ર ભારતમાં ફેલાયેલા BAPS સંસ્થાના 60 થી વધુ કેન્દ્રોમાંથી 30,000 થી વધુ યુવક-યુવતીઓએ આ અભિયાનમાં સક્રિય યોગદાન આપ્યું હતું. સંસ્થાના વિવિધ કેન્દ્રો પર યુવાનો માટે વિશેષ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યાં તેમણે ઓનલાઈન માધ્યમથી નશામુક્ત અને વિકસિત ભારતના નિર્માણ માટેનો સંકલ્પ લીધો હતો.




# રેલ્વે સ્ટેશન પર મુસાફરને લૂંટનાર રિક્ષા ચાલકની કરાઈ ધરપકડ

**અમદાવાદ**

શહેરના કાલુપુર રેલ્વે સ્ટેશન જેવા વ્યસ્ત વિસ્તારમાં મુસાફરોની સુરક્ષા સામે પડકાર ફેંકતી લૂંટની ઘટનાનો ભેદ ઉકેલવામાં ઝોન-3 લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને મોટી સફળતા મળી છે. ગત ઓગસ્ટ મહિનાની શરૂઆતમાં રેલ્વે સ્ટેશનની બહાર રિક્ષાની પ્રતીક્ષા કરી રહેલા એક નિર્દોષ મુસાફરને નિશાન બનાવીને લૂંટ ચલાવવામાં આવી હતી.

આ મામલે પોલીસે સઘન તપાસ હાથ ધરીને લૂંટમાં સંડોવાયેલા એક રીઢા રિક્ષાચાલકની ધરપકડ કરી છે. પોલીસની આ ત્વરિત કામગીરીથી સ્ટેશન વિસ્તારમાં સક્રિય ગુનેગારોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને સામાન્ય જનતામાં સુરક્ષાનો વિશ્વાસ મજબૂત થયો છે. આ ઘટનાની વિગતો મુજબ, ૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વહેલી સવારે સાડા પાંચ વાગ્યાના સુમારે બેલુર ગેસ્ટ હાઉસ પાસે એક મુસાફર વાહનની રાહ જોઈ રહ્યા હતા. તે દરમિયાન ચોક્કસ નંબરની ઓટોરિક્ષામાં સવાર થઈને આવેલા સાહિલ ઉર્ફે માડી અને નાજીર શેખ નામના બે શખ્સોએ મુસાફરને અટકાવ્યા હતા.

કોઈ પણ કારણ વગર આ શખ્સોએ મુસાફરનું શર્ટ પકડી તેમને ઢોર માર માર્યો હતો અને ડરાવી-ધમકાવીને તેમના ખિસ્સામાંથી ૭,૫૦૦ રૂપિયાની રોકડ રકમ ઝૂંટવી લીધી હતી.

## AMCનો માત્ર ખાડા પૂરવાનો દેખાડો!

# પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં ખરાબ રોડ-રસ્તાથી વાહનચાલકો હેરાન; ટ્રાફિકજામની વિકટ સ્થિતિ

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા વરસાદ બંધ થયા બાદ યુદ્ધના ધોરણે ખાડા પૂરવામાં આવ્યા હોવાના દાવા કરવામાં આવી રહ્યા છે, પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ તદ્દન વિપરીત છે. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં હજી પણ ઠેર-ઠેર પડેલા ખાડાઓના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને ટ્રાફિકજામની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. વાડજ વિસ્તારમાં ગાંધી આશ્રમથી વાડજ તરફ જવાના રોડ પર બ્રિજના છેડે સાંકડા માર્ગ પર ખાડા પડેલા છે. દરિયાપુરના પ્રેમ દરવાજા પાસે, ઠક્કરબાપાનગર બ્રિજ નજીક અને કાલુપુર રેલવે સ્ટેશનના આઉટ ગેટ બહાર મુખ્ય રોડ પર મોટા ખાડા હોવાના કારણે વાહનો ધીમા પાડવા પડે છે, જેનાથી વાહનચાલકો અટવાઈ પડે છે. ગોમતીપુર મેટ્રો સ્ટેશનથી ખોખરા બ્રિજ તરફ જતા રોડ પર તંત્ર દ્વારા દેખાડા પૂરતી અર્ધકચરી કામગીરી કરાઈ છે, જેમાં અડધી જગ્યાએ માલ નાખી ખાડા પૂરાયા છે અને અડધા બાકી છે. આ સિવાય અમરાઈવાડી મેટ્રો સ્ટેશન પાસે જોગણી માતા મંદિર ચાર રસ્તા, ઓઢવમાં તક્ષશિલા શિક્ષણ સંકુલ બહાર અને ઈન્દ્રપુરીના સુરેલિયા એસ્ટેટ પાસે એવો મોટો ખાડો પડ્યો છે જેમાં મોટું ટાયર પણ ફસાઈ જાય. AMC ના ઈજનેર વિભાગના અધિકારીઓ માત્ર ફોટોગ્રાફ્સ મૂકીને કામગીરી પૂર્ણ થયાનું બતાવી રહ્યા છે. કરોડો રૂપિયાના ખર્ચે રોડ રી-સરફેસ કરવા માટે સિંગલ અને વાર્ષિક ટેન્ડરથી કોન્ટ્રાક્ટરોને કામ સોંપાયા હોવા છતાં અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરોને આ ખાડા દેખાતા નથી. ભાજપના સત્તાધીશો પણ રોડની વાસ્તવિક સ્થિતિ સુધારવાને બદલે મૌન ધારણ કરીને બેઠા હોવાના આક્ષેપ થઈ રહ્યા છે.



આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI